
॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ


વર્ષ : ૧૬ ● અંક : ૮
ઓક્ટોબર - ૨૦૧૬


## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર
## લંગાટા કચ્છ પ્રાંત નાઈરોબી

ભુજ શ્રી નરનારાયણદેવ તાબાનું



## શ્રી નરનારાયણદેવ નુતન મંદિર મહોત્સવ

**વિશેષાંક**





લંગાટા મંદિરમાં બિરાજતા શ્રી સહજાનંદ સ્વામી

## ॥ ચિત્રકાર - શિલ્પી ॥

ભુજ મંદિરના સંત ચિત્રકાર, શિલ્પી પુરાણી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની નજર હેઠળ દરેક ભગવત્સ્વરૂપોનું નિર્માણ થયું. રંગકામ થયું અને સ્વામી જાતે નાઈરોબી પધારી મંદિરના દરેક સિંહાસનોમાં રંગ રોગાણનું કાર્ય કર્યું. રાત દિવસ જોયા વિના સ્વામી તથા તેમની સાથેના સંતો હરિભક્તોએ આ સેવા કરી.




પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૨ કુલ અંક-૨૧૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૬ • અંક-૭ • ઓક્ટોમ્બર-૨૦૧૬
સખંગ અંક - ૩૬૮


પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી


:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેક્સ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥



## લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

## દેશમાં
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

## વિદેશમાં
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

# નૂતન વર્ષાભિનંદન

જય શ્રી સ્વામિનારાયણ !

સંવત્ ૨૦૭૩નું વર્ષ શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના ગ્રાહકો, વાંચકો, સેવાભાવી કાર્યકરો, કર્મચારીઓ, લેખકો અને શુભચિંતકોને સુખદાયી નિવડો, દિવાળીની શુભેચ્છાઓ સાથે નૂતન વર્ષાભિનંદન સાથે અંતરના આશીર્વાદ.

દીપોત્સવ એટલે આત્માના અંધકારને ઉલેચી અધ્યાત્મનો પ્રકાશ પાથરવાનો પર્વ. આ પ્રકાશનું પર્વ આપ સૌના જીવનમાં પ્રસન્નતા અને પ્રફુલ્લિતતાનો પ્રકાશ પાથરે. આપના દરેક ક્ષેત્રમાં સાફલ્ય, સિધ્ધિ અને સમૃદ્ધિના અજવાળાં પથરાય, આપના હૃદયમાં ભક્તિની જ્યોત પ્રગટે, જેમાં સત્સંગનું દીવેલ પૂરાય અને આપના સત્કાર્યોની સુવાસ ચોમેર પ્રસરતી રહે એવી નૂતન વર્ષની શુભેચ્છા !

આ નૂતનવર્ષ આપના, આપના પરિવારના, સ્નેહીજનો, શુભચિંતકો અને મિત્રવર્તુળના જીવનમાં સુખ, સમૃદ્ધિ, સંતોષ, આનંદ, ઉમંગ, ઉલ્લાસ લાવે તેવી શુભેચ્છા સહ આશીર્વાદ પાઠવીએ છીએ. સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ. આપ અમારી સાથે જોડાઈને રહ્યા છો અને રહેશો એવી અપેક્ષા સહ દીપાવલી તથા નૂતનવર્ષના હેતપૂર્વક જયશ્રી સ્વામિનારાયણ.

- તંત્રી મંડળ



# તંત્રીની કલમે

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, લંગાટા-નાઈરોબી કચ્છ પ્રાંતનો શ્રીનરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ નવ્ય અને ભવ્ય રીતે ઉજવાયો. શ્રીજી મહારાજની કૃપા, સંતોની પ્રેરણા અને હરિભક્તોની તન-મન-ધનની અજોડ સેવાઓને કારણે આ બધું શક્ય બન્યું. સૌના ઉપર શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રીનરનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવની કૃપા ઉતરો એવી પ્રાર્થના !

આરાધ્યદેવની અસીમ અનુકંપા હોય, મહારાજશ્રીની મહેર હોય, આચાર્યશ્રીના આશીર્વાદ હોય, સંતોનું સાંનિધ્ય હોય, હરિભક્તોનાં હૈયામાં હેત અને હૂંફ હોય તો ભક્તો ભક્તિભાવ સાથે મહોત્સવમાં મન મૂકીને મહાલે જ ને ? આવા અદ્વિતીય યાદગાર સામૈયાની સ્મૃતિઓ નજરે જોનારાઓના તથા લાઈવ પ્રસારણને કારણે પરોક્ષદર્શી હરિભક્તોના હૈયામાં જડાઈ ગઈ હશે. તેમ છતાં મહોત્સવ દરમ્યાનના સમગ્ર પાવન પ્રસંગોની મધુર સ્મૃતિ હંમેશાં તાજી રહે એ કારણોસર શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશનો આ અંક 'નાઈરોબી નૂતન મંદિર મહોત્સવ' વિશેષાંક તરીકે આપના હસ્તમાં મૂકવાનો પ્રયત્ન કર્યો છે. આ એક વિહંગાવલોકન છે. મહત્ત્વના પ્રસંગોની માહિતી અને તસ્વીરો છે. બાકી મહોત્સવ દરમ્યાન ઘણી એવી શુભગ ઘટનાઓ બની હશે/છે. જે આ અંકમાં નહિ છપાઈ હોય. અંકના પાનાની મર્યાદાઓને કારણે ઘણા પ્રસંગો કે સેવા પામનાર હરિભક્તોના નામ રહી જવા પામ્યા હોય તો એ ઉદાર દિલે ક્ષમા કરજો. નામી-અનામી સૌની સેવાઓ શ્રીજીના ચરણોમાં પહોંચી જ હશે એવી શ્રધ્ધા છે.

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબીના ચેરમેન પ.ભ. પરબતભાઈ પ્રેમજી વેકરીયા તથા વાઈસ ચેરમેન હીરજીભાઈ ખીમજી શીયાણી તથા તેમની ટીમનો ઉમદા સહયોગ રહ્યો. કાર્યક્રમના પ્રત્યક્ષદર્શી શ્રી પુરુષોત્તમભાઈ કાચા (ધોરાજી) તથા શ્રી રવિભાઈ પેથાણી (ભુજ)એ કરેલા ટાંચણ-નોંધો પણ આ અંક તૈયાર કરવામાં ઉપયોગી નીવડી છે. 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'ને હરહંમેશ જેમનો સહયોગ સાંપડતો રહ્યો છે, એવા શ્રી હરિસેવકો જનકભાઈ ભટ્ટ તથા ભરતભાઈ મહેતાએ લેખન-સંપાદન, પ્રૂફરિડીંગ કાર્યમાં રસ લઈ કાર્યને મંઝીલ સુધી પહોંચાડ્યું છે.

જય શ્રી સ્વામિનારાયણ !

# નૂતન મંદિર મહોત્સવ, નૈરોબી - અતીતની અડચણરૂપ અસુવિધાઓ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નૈરોબી (ભુજ શ્રીનરનારાયણદેવ તાબાનું) વિદેશની ધરતી પર સૌ પ્રથમ પ્રસ્થાપિત થયેલું શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ હેઠળ ચાલતું મંદિર છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીના આજના યુગની અદ્યતન સુવિધા વચ્ચે જીવતા હરિભક્તો ભૂતકાળની ભયંકર હાડમારીયુક્ત અસુવિધાઓ અને તેને કારણે ઊભી થતી અડચણોની કલ્પના પણ ન કરી શકે તેવી પરિસ્થિતિ હતી. આવી વિષમ પરિસ્થિતિની કેટલીક વાતો આપણે જાણશું તો જ વર્તમાન સમૃધ્ધિની સાચી કદર કરી શકીશું.

કચ્છની ધીંગી ધરાના ધરતીપુત્રોમાં કચ્છી લેવા પટેલ જ્ઞાતિનો મોટો વર્ગ ખેતી પર જ નિર્ભર હતો. કચ્છની વિષમ આબોહવાના કારણે ક્યારેક દુષ્કાળ તો ક્યારેક અપૂરતો કે કમોસમી વરસાદ જગતના તાતને પરેશાનીમાં મૂકી દેતો. પરંતુ હિંમત, ધૈર્ય, પરિશ્રમ અને પુરુષાર્થના કારણે વિઘ્નો વચ્ચે કેમ રહેવું તે બાબત તેમનું આત્મબળ ટકાવી રાખતી. આ આત્મબળના પ્રેરક સ્રોત હતા. આપણા પરહિતકારી બ્રહ્મનિષ્ઠ સંતો. સંપ્રદાયના સંતોના વચનને હંમેશાં ઈશ્વરઆજ્ઞા સમજીને અનુસરતા પટેલ હરિભક્તો શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં અખૂટ આસ્થા ધરાવી સદાય સમર્પિત ભાવ સાથે શ્રીજીની ભક્તિ કરતા આવ્યા છે. મહેનતના પ્રમાણમાં હાથમાં કશું જ આવતું ન હોવાથી કુટુંબનિર્વાહ અને જીવનનિર્વાહ ખૂબ મુશ્કેલ બન્યો હતો. સાદા અને પ્રમાણમાં ખૂબ જ સીધા હરિભક્તોમાં શિક્ષણનું પ્રમાણ પણ ઓછું હતું તેથી આજીવિકાનું એક માત્ર સાધન ખેતી હતું. અનિશ્ચિત હવામાનના કારણે ખેતીમાં આવક ખૂબ જ ઓછી હતી. આવા સંકટના સમયમાં ભુજ મંદિરના કૃપાવંત સંતો અ.નિ. મહંત સ.ગુ. સ્વામી શ્રીવલ્લભદાસજી, અ.નિ. સ.ગુ. શા. સ્વામી ધર્મજીવનદાસજી આદિ સંતોએ લેવા પટેલ જ્ઞાતિના હરિભક્તોને ધંધાર્થે જંગબાર કે આફ્રિકા જવાની પ્રેરણા અને આજ્ઞા આપી. પણ વિદેશ જવાની ટિકીટ લઈ શકાય તેવી આર્થિક સ્થિતિ પણ નહોતી. સંતોએ ટિકીટ અને ટીમણનું ભાથું આપવાની પણ સુંદર વ્યવસ્થા કરી આપી અને ત્યાં જઈને સત્સંગ ચાલુ રાખવાની શીખ આપી અને રૂડા આશીર્વાદ આપતાં જણાવ્યું કે શ્રીજી મહારાજની કૃપાથી સૌ સુખિયા અને સમૃધ્ધ થશો.

સંતોની આજ્ઞાને શિરોધાર્ય કરી એક અંધારિયા ખંડ તરીકે ઓળખાતા પૂર્વ આફ્રિકા ખંડ તરફ જ્ઞાતિના વડવાઓના સહારે અને શ્રીજી મહારાજના ભરોસે પ્રયાણ કર્યું. તે સમયે તો કચ્છની બહાર જવું પણ પરદેશ જેવું ગણાતું. વાહન વ્યવહાર નહિવત્. ટાંચા સાધનોથી આફ્રિકા જવું એ કંઈ નાનીસૂની વાત નહોતી. ઈતિહાસની તવારીખ મુજબ ઈ.સ. ૧૮૯૦ થી ૧૯૩૦ના સમયગાળામાં લેઉઆ પટેલના વડીલો કેન્યા દેશમાં પહોંચેલા. એ સમયે માંડવી, પોરબંદર અને મુંબઈથી માલભરીને વહાણો જંગબાર જતા. એમાં બેસીને દરિયાઈ માર્ગે પહાડ જેવા ઊંચા ઉછળતા મોજાઓ વચ્ચે કુદરતના હાથમાં જીવ સોંપીને મોમ્બાસા બંદરે જવાતું. મુસાફરીનો સમયગાળો પણ નિશ્ચિત નહીં, બધું દરિયાઈ વાતાવરણ અને કુદરત પર આધારિત હતું તેથી મોમ્બાસા પહોંચતાં બે થી અઢી મહિનાનો સમય લાગતો. વહાણમાં હોઈએ ત્યાં સુધી જમીન સાથે કોઈ પણ જાતનો સંપર્ક રહેતો નહીં. સંદેશા-વ્યવહારનો પણ નહીં. મોમ્બાસા પહોંચ્યા પછી પહોંચી ગયાના સમાચાર દેશમાં મોકલવામાં પણ ઘણો વિલંબ થતો તેથી જ્યાં સુધી ક્ષેમકુશળના સમાચાર ન આવે ત્યાં સુધી દેશમાં પરિવારજનો સતત ચિંતામા રહેતા. તેમાંય પાછું આ સમય બીજા વિશ્વયુધ્ધનો સમય હતો અને અનેક વહાણો બોમ્બવર્ષાનો ભોગ બન્યાના સમાચારો આવતા ત્યારે જીવ તાળવે ચોંટી જતા. આપણા દેશના કેટલાક પટેલો આ બોમ્બવર્ષાના કારણે કાળનો કોળિયો બન્યા હતા અને જળસમાધિ લીધી હતી. આવી અત્યંત વિકટ પરિસ્થિતિ હોવા છતાં હિંમત, શૌર્ય અને ધૈર્ય છૂટ્યા નહોતા અને શ્રીનરનારાયણદેવમાં દૃઢ વિશ્વાસ અને સંતોના આશીર્વાદ સાથે આફ્રિકાની ધરતી પર ખંતપૂર્વક કામે લાગી ગયા. ઈ.સ. ૧૮૯૫માં મોમ્બાસા, નૈરોબી, યુગાન્ડા એમ અનેક જગ્યાએ રેલવેલાઈનનું કામ ચાલુ હતું. તેમાં તનતોડ મહેનત કરી મજૂરી કામે લાગી ગયા. પરંતુ ખાસ વળતર ન મળ્યું અને દુઃખના ડુંગર સામે જ હતા. પરંતુ સંતના વચને શ્રીજી મહારાજના ભરોસે ધીરજ ન છોડી. સમયાંતરે મહેનત રંગ લાવી અને પરિસ્થિતિમાં સુધારો થતો ગયો.

લેવા પટેલ કોમનો પરસ્પર સદ્ભાવ, સહકાર અને ભાઈઓનો હાથ ઝાલવાની ભાવનાના કારણે તેમજ સત્સંગ અને ભક્તિના પ્રતાપે અનેક અડચણરૂપ અસુવિધાઓ અને અવરોધો સામે આપણા ખડતલ ખમીરવંતા પટેલો ક્યારેય મૂંઝાયા નથી, ઝૂક્યા નથી, હિંમત હાર્યા નથી. પ્રણામ છે આવા જાંબાજ હરિભક્તોને જેમણે આજની પેઢીને સમૃધ્ધિસભર વારસો આપ્યો છે. આ બધું સંતોના આશીર્વાદ અને શ્રી સ્વામિનારાયણ ભગવાનની અનુકંપાનું પરિણામ છે.

# આફ્રિકામાં રોજગાર સાથે સત્સંગનો પ્રારંભ



શ્રી સહજાનંદીય સત્સંગ માત્ર કચ્છ કે ગુજરાત પૂરતો સીમિત ન રહેતા આજે દૂર દેશાવર સુધી વિકસ્યો છે. એમાં શ્રીજી મહારાજની મરજી ગણો કે લીલા રહેલ છે. એ સ્વીકાર્યે જ છૂટકો. કચ્છ પ્રદેશમાં પડતા વારંવારના દુષ્કાળોથી ત્રાસી હરિભક્તો સંતોની પ્રેરણાથી પૂર્વ આફ્રિકા ખંડના ઝાંઝીબાર, યુગાન્ડા, કેન્યામાં ધંધા રોજગાર માટે પહોંચ્યા. બે પાંદડે થવા લાગ્યા ત્યારથી જ શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યેની શ્રધ્ધા બળવત્તર બનતી ગઈ.અને આ શ્રધ્ધા જ્યારે મંદિરોના સ્વરૂપે સાકાર થતી ગઈ તેમ તેમ આફ્રિકાના અંધારિયા ખંડમાં સત્સંગનાં અજવાળા પથરાતા ગયા. વીસમી સદીના પ્રારંભકાળથી જ અહીં આવેલા હરિભક્તોએ ચાર-ચાર દાયકા સુધી મહેનત-મજૂરીના કામ કરી પેટિયું રળતા હતા. પરંતુ કચ્છના શ્રીનરનારાયણદેવના આશ્રિત આ હરિભક્તોએ સંતોની પ્રેરણાથી સત્સંગ ચાલુ રાખ્યો. પત્રવ્યવહાર દ્વારા સંતો માર્ગદર્શન અને આશીર્વાદ મોકલતા રહ્યા. પરિણામે લગભગ અડધી સદી બાદ સુખનો સૂર્યોદય ક્ષિતિજ ઉપર દેખાયો. ૧૯૫૪માં નાઈરોબીમાં અને ૧૯૬૦માં મોમ્બાસામાં ભવ્ય મંદિરોના નિર્માણ થયા. આ નિર્માણ કાર્યમાંથી પ્રેરણા લઈ પૂર્વ આફ્રિકાના અન્ય નગરોમાં પણ મંદિરો નિર્માણ થવા લાગ્યા.



## આજ્ઞાપત્ર



વિશેષ લખવાનું કે જે આ શુભકાર્યનો આપ સૌ ભાઈઓ મળીને જેવા ઉત્સાહ અને પ્રેમથી આરંભ કરેલો તેમજ ઉત્સાહ અને પ્રેમથી સહનશીલતા તેમજ ધીરજ રાખી એક સંપ થઈ પુરું કરશો એવી અમોને આશા છે. કચ્છના સત્સંગી ભાઈઓ માટે આ મંદિર ખૂબ જ અનુકૂળ થશે અને સૌને સેવા કરવામાં ઉમંગ વધશે અને એમાં થતી સેવા શ્રીનરનારાયણદેવને યથાર્થ રીતે પહોંચશે. માટે જેવો ઉમંગ રાખ્યો છે તેવો જ ઉમંગ છેવટ લગી રાખશો. આ શુભ કાર્ય માટે અહીંની કાર્યવાહક કમિટિ, સંતમંડળ તેમજ તમામ સત્સંગ સમાજ બહુ રાજી થયા છે. ધાર્યું પૂરું થઈ જાય તે બદલ અમો સૌ શ્રી નરનારાયણદેવ તેમજ શ્રીઘનશ્યામ મહારાજ પાસે શુભ માંગલિક પ્રાર્થના કરીએ છીએ. સદર શાસ્ત્રી ધર્મજીવનદાસજી સ્વામી આદિ સર્વે સંતોના જયશ્રી સ્વામિનારાયણ વાંચશો.

સાધુ શ્રીવલ્લભદાસજી સ્વામી    શાસ્ત્રી ધર્મજીવનદાસજી સ્વામી

સાધુ કૃષ્ણજીવનદાસજી સ્વામી    સાધુ મુરલીમનોહરદાસજી સ્વામી



## નૈરોબીમાં મંદિર નિર્માણ

ધીરે-ધીરે કેન્યામાં હરિભક્તોનો વસવાટ વધવા લાગ્યો. સમય વહેવા લાગ્યો હરિભક્તોની સંખ્યા વધવા લાગી. હરિભક્તોએ ભુજ મંદિર સાથે પત્રવ્યવહાર ચાલુ રાખી સંતોનાં આશીર્વાદ મેળવતા રહ્યા. સંતો ઉત્સવ સમૈયા ઉપર શ્રીનરનારાયણદેવનો અને અન્નકૂટનો પ્રસાદ મોકલતા હતા. જ્યારે જ્યારે ભુજથી પ્રસાદ આવે ત્યારે સર્વે હરિભક્તો કોઈ એક જગ્યાએ ભેગા થઈ રાસોત્સવ કરે અને અન્નકૂટના પ્રસાદની વહેંચણી કરે. આવા જ એક પ્રસંગે સર્વ હરિભક્તોને વિચાર આવ્યો કે દર વખત આવી રીતે ભેગા થઈએ એ કરતાં જો આપણું પોતાનું મંદિર હોય તો સત્સંગ કરવા માટે પણ સરળતા થાય, આવા વિચાર સાથે મંદિરનું બીજ રોપાયું. ઈ.સ. ૧૯૫૩, સંવત્ ૨૦૧૦ના ભુજમાં ઉજવાયેલ અન્નકૂટનો પ્રસાદ અહીં નાઈરોબીના હરિભક્તોને મળ્યો ત્યારે તા. ૨૨-૧૧-૧૯૫૩ના રોજ પટેલ હરજી મુરજીના મકાનમાં સર્વ હરિભક્તો ભેગા થયા, સમૈયો કરવામાં આવ્યો, પ્રસાદની વહેંચણી કરવામાં આવી અને સર્વાનુમતે ભુજ મંદિરના તાબાનું મંદિર બાંધવાનું નક્કી કરવામાં આવ્યું. આ કાર્યને વેગ આપવા ટ્રસ્ટી હરિભક્તો ભુજ પત્ર વડે સંતોનું માર્ગદર્શન મેળવતા રહ્યા અને મંદિરનું કામ આગળ વધારતા રહ્યા. ભુજ મંદિરે તા. ૨૨-૧૨-૧૯૫૩ના રોજ અહીં મંદિર માટે ધારાધોરણો અને મંદિર બનાવવા માટેનો આજ્ઞાપત્ર મોકલાવ્યો. શ્રીજી મહારાજની કૃપા અને મહંત સ.ગુ. સ્વામી શ્રીવલ્લભદાસજી તથા શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી આદિ સંતોના આશીર્વાદથી ગ્રોગન રોડ ઉપર જમીન મળી. ત્યારબાદ તા. ૦૩-૦૨-૧૯૫૪ના રોજ જાહેર મીટીંગ બોલાવવામાં આવી. આ મીટીંગમાં મંદિર માટે કાર્યવાહી કમિટીની નિમણૂક કરવામાં આવી. ત્યારબાદ બાંધકામ સમિતિની રચના કરવામાં આવી.



તા. ૦૮-૦૨-૧૯૫૪ વસંત પંચમીના દિવસે ખાતમૂહુર્ત કરવામાં આવ્યું. મંદિરના બાંધકામ માટે ઘણા હરિભક્તોએ કોઈપણ જાતના વેતન લીધા વગર દરરોજ અહીં મંદિરમાં કામ કરવાની ઈચ્છા દર્શાવી અને ઘણા હરિભક્તોએ સાંજે કામેથી આવી કરી સેવા કરવાની ઈચ્છા દર્શાવી, અને ઘણા હરિભક્તોએ ધનની પણ ખૂબ સેવા કરી. આ મંદિરના બાંધકામમાં પણ રૂકાવટ કરવા માટેની એક આખી ફોજ હતી. ઘણી અડચણો અને વિરોધીઓના વિરોધ વચ્ચે પણ સૌ હરિભક્તોના સહિયારા પ્રયાસો, સંતોના આશીર્વાદ અને ઈષ્ટદેવની કૃપાથી મંદિરનું કાર્ય જોશભેર ચાલતું રહ્યું.



## સત્સંગની કપરી દરિયાઈ સફર

ત્યારે દેશમાં મૂર્તિઓનું કામ પણ ચાલતું હતું. મૂર્તિઓ તૈયાર થઈ એટલે ભુજમાં જ શ્રીનરનારાયણદેવના પટાંગણમાં (સાંનિધ્યમાં) જ હોમ હવન કરી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારબાદ તા. ૨૬-૦૯-૧૯૫૪ના રોજ કચ્છના બંદરેથી મૂર્તિઓ રવાના કરવામાં આવી. ભુજથી મૂર્તિઓ કેન્યા સુધી સ્ટીમ્બરમાં આવી ત્યારે મળેલ માહિતી પ્રમાણે સાથે આવેલા હરિભક્તોમાં રામજીભાઈ જાદવા છછવારા આદિ હરિભક્તો રસ્તામાં શ્રીઠાકોરજીના થાળ, આરતી વગેરે કરતા આવતા હતા, આમ કરતાં મૂર્તિઓ મોમ્બાસા બંદરે પહોંચી. નાઈરોબીથી હરિભક્તો મૂર્તિઓ લેવા માટે વાહનો લઈ મોમ્બાસા ગયા હતા. ઉપલબ્ધ ઈતિહાસ પ્રમાણે અમદાવાદ દેશથી સંતો આ મહોત્સવ ઉપર પધારેલા હતા. જ્યારે મૂર્તિઓ નાઈરોબી લાવવામાં આવેલ ત્યારે સંતો પણ સાથે આવ્યા હતા.

# મૂર્તિસ્થાપન મહોત્સવ

સર્વ હરિભક્તોના સહકારથી મંદિર જલ્દી પૂર્ણ થયું. સોમવાર તા. ૧૧-૧૦-૧૯૫૪ના રોજ ગામ બળદીયાના પ.ભ. મનજીભાઈ હિરજી વેકરીઆ કુટુંબ પરિવારના યજમાન પદે મંદિરનો ઉદ્‌ઘાટન વિધિ કરવામાં આવ્યો. ગામ ભારાસરના પ.ભ. ધનજીભાઈ વિશ્રામ ધ.પ. રાધાબાઈના યજમાનપદે ગણપતિ, હનુમાનજીની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ગામ બળદીયાના પ.ભ. માવજીભાઈ જાદવા પિંડોરીયા તથા પ.ભ. હરજીભાઈ વિશ્રામ હિરાણી કુટુંબ પરિવારે ભાઈઓના મંદિરનું સિંહાસન કૃષ્ણાર્પણ કર્યું.


આખરે શરદ પૂર્ણિમાનો પવિત્ર દિવસ આવી ગયો. ભુજથી આવેલ ઠાકોરજીની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી અને નગરજનોએ પણ મૂર્તિઓના દર્શન કર્યા હતા. શોભાયાત્રા પૂર્ણ કરી અમદાવાદના સંતો અને બ્રાહ્મણોની ઉપસ્થિતિ અને વિશાળ માનવ મેદની વચ્ચે શરદ પૂર્ણિમા વિ.સ. ૨૦૧૦ મંગળવાર તા. ૧૨-૧૦-૧૯૫૪ના રોજ શ્રી સહજાનંદ સ્વામી, શ્રીનરનારાયણદેવ અને શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રીહરિકૃષ્ણ મહારાજની વેદોક્ત વિધિથી હવન સાથે પ્રતિષ્ઠા કરવામાં આવી.

હરિભક્તોની સંખ્યા વધવા લાગી અને મંદિરનું વિસ્તૃતિકરણ કરવાનું નક્કી થતાં ૧૯૫૬ દરમ્યાન ઈષ્ટદેવની કૃપાથી અને સંતોના આશીર્વાદથી બાજુમાં જમીન સંપાદન કરવામાં આવી.

ફરીથી મંદિરનું કામ ધમધોકાર ચાલુ થયું અને હરિભક્તોએ તન,મન, ધનથી ખૂબ સારી સવા કરી. મંદિરના જૂના ભાગ સાથે નવા ભાગનું જોડાણ કરી મંદિરને વિશાળ કર્યું.















## ભુજ મંદિરના સંતોનું પ્રથમવાર વિદેશગમન


સાધુજનો માટે વિદેશગમન ભૂતકાળમાં વર્જ્ય ગણાતું. દિવસો કે મહિનાઓ સુધીની દરિયાઈ સફરના કારણે સ્નાનાદિ તથા સેવા-પૂજાની નિયમિતતા અને પવિત્રતા ન જળવાય એ મુખ્ય કારણ હતું. પરંતુ સમયે કરવટ બદલી. વિમાનમાર્ગની સેવાઓ ઉપલબ્ધ થઈ. પરિણામે થોડા કલાકોમાં વિદેશ પહોંચવું શક્ય બન્યું. છતાં સંતો વૈદિક સનાતન ધર્મની માન્યતા અનુસાર વિદેશ જવાનું ટાળતા હતા. પરંતુ ૧૯૮૧માં ભુજ ધામે યોજાયેલા શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દિ મહોત્સવ દરમ્યાન વિદેશના હરિભક્તોએ સંતોએ પોતાની ચિંતા દર્શાવી. પ્રાર્થના કરી કે આપ અમારા દેશમાં આવો. સંતોને પણ સમજાયું કે વિદેશની ઝાકઝમાળવાળી ઝડપી જીવનશૈલીમાં હરિભક્તોના ધર્મના વ્રત-નિયમોનો લોપ ન થાય એની ચિંતા કરવી જરૂરી છે. આ બધું પ્રત્યક્ષપણે જોવાથી જ સમજાય. વળી ત્યાં જવાથી હરિભક્તોમાં સત્સંગ વૃધ્ધિ થાય. કોઈ ધાર્મિક મૂંઝવણ હોય તો ઉકેલ શોધી શકાય. રોજગાર માટે હરિભક્તોનું વિદેશ રહેવું જરૂરી હતું. તો સાથે સત્સંગ સચવાય એ પણ એટલું જ, બલ્કે વધુ જરૂરી હતું. આ માટે ૧૯૮૨માં ભુજ મંદિરના ૬ સંતો નાઈરોબી પહોંચ્યા. ત્યારથી માંડી આજના સમય સુધી યુ.કે., પૂર્વ આફ્રિકા ખંડ, ઓસ્ટ્રેલીયા ખંડ, આરબી દેશો, સિસલ્સ વગેરે દેશોમાં જ્યાં શ્રીનરનારાયણદેવનો સત્સંગ છે ત્યાં વર્ષમાં ઓછામાં ઓછું એકવાર સંતો પરિશ્રમ વેઠીને પહોંચી સત્સંગ-દીપકના જ્યોત સંકોરી આવે છે. લંગાટા મહોત્સવના પાયામાં આ સંતોનો પરિશ્રમ અને હરિભક્તોનો વિદેશની ધરતી ઉપર પણ સત્સંગ રહેલો છે.


સદ્. સ્વામી
હરિસ્વરૂપદાસજી


સદ્. સ્વામી
મોરલીમનોહરદાસજી


સદ્. સ્વામી
શ્રીરંગદાસજી


સદ્. સ્વામી
પ્રેમપ્રકાશદાસજી


સદ્. સ્વામી
નારાયણવલ્લભદાસજી

## પૂર્વ આફ્રિકા ખંડમાં સત્સંગ વૃધ્ધિ

જ્યાં મંદિરો છે ત્યાં આરતી-થાળ-કથા-કીર્તન આદિ નિત્ય ધાર્મિક ક્રિયાઓ ઉપરાંત ખાસ પર્વો દરમ્યાન વિશેષ ઉજવણીઓ થતી રહે છે. જ્યાં મંદિરો નથી ત્યાંના હરિભક્તો પોતાના ઘર-મંદિર સમીપે નિત્ય-નિયમો પાળે છે. અને આ હરિભક્તોની ભક્તિભાવમાં વૃધ્ધિ થાય તે અર્થે સાપ્તાહિક સભાનાં આયોજનો થાય છે. જેમાં નિયત કરેલા વારના સૌ કોઈ એક હરિભક્તના ઘેર એકત્ર થઈ સત્સંગ કરે છે. આખરે સત્સંગ એ મુખ્ય છે. અને આ સત્સંગના દીપકની વાટ સંકોરવા ભુજ મંદિરના સંતો વર્ષમાં બે વાર વિદેશ પ્રવાસનો પરિશ્રમ વેઠી પહોંચી જાય છે. આથી સત્સંગની દૃઢતા વધતી રહે છે. મૂંઝવતા ધાર્મિક પ્રશ્નોના ઉકેલ મળે છે. ખાસ તો યુવોનોમાં અધુનિક સમયના દુરાચારો પ્રવેશતા અટકે છે. નાનપણથી જ ધર્મસંબંધી માર્ગદર્શન મળતાં જીવનમાં સત્સંગનું મહત્ત્વ સમજાય છે. અહીં પૂર્વ આફ્રિકામાં અત્ર-તત્ર ફેલાયેલા હરિભક્તો માટેના મંદિરો ધરાવતા નગરો અને જ્યાં સાપ્તાહિક સત્સંગલક્ષી સભાઓ થાય છે. તે નગરો-સ્થળોના નામોની જાણકારી આવશ્યક છે. બે રીતે જોઈએ તો કેન્યામાં નાઈરોબીમાં બે મંદિરો, નકુરુ, કિસુમુ, એલ્ડોરેટ, મોમ્બાસા અને મલિન્ડીમાં મંદિરો છે. જ્યારે નારોક, થીકા, કેરિચો, વબુયે, કિટાલે, મુમ્યાસ અને કિલિફીમાં સાપ્તાહિક સત્સંગ છે. યુગાન્ડા દેશમાં કંપાલામાં મંદિર છે. જ્યારે ટોરોરો, જીંજા, હોયમા, મસીન્ડીમાં સાપ્તાહિક સત્સંગ પ્રવૃત્તિ છે. એ જ રીતે ટાંઝનીયાના દારેસલામમાં હરિમંદિર છે. જ્યારે મોશી, અરૂશા, ઝાંઝીબારમાં સાપ્તાહિક સત્સંગ છે. આ ઉપરાંત સિસલ્સ, મોરિશીયસ તથા સાઉથ આફ્રિકાના સેનેગલમાં પણ સત્સંગ પ્રવૃત્તિ વિસ્તરેલી છે.

આમ અરબી સમુદ્રના સામે કાંઠે પૂર્વ આફ્રિકા વિસ્તારમાં સત્સંગ સૌરભ પ્રસરી રહી છે. અને જ્યારે લંગાટા મંદિર જેવા મહોત્સવો થાય છે ત્યારે પોતાના વિસ્તારમાં પણ નાનું-મોટું મંદિર થાય એવી ભાવના અને સંકલ્પો હરિભક્તો કરતા હોય છે. અને શ્રીજીના પ્રતાપે એ સંકલ્પો પૂર્ણ થતા પણ આપણે જોઈ શકીએ છીએ કારણ કે પૂર્વ આફ્રિકામાં સંતોનું માર્ગદર્શન અને પૂર્વ આફ્રિકાના સૌ હરિભક્તોનો સહિયારો પુરુષાર્થ એના પાયામાં છે.

# લંગાટા કચ્છ પ્રાંતમાં નૂતન મંદિર નિર્માણનો સંકલ્પ અને ભૂમિપૂજન

નાઈરોબીમાં કિરીયાન્ગા (ત્યારે ગ્રોગન) રોડ ઉપર ૧૯૫૪માં નિર્માણ પામેલ શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર સ્થપાયું. વહાણની ધીમી ગતિએ શરૂ થયેલ સત્સંગ અડધી સદી પછી હવે વિમાનની ઝડપી ગતિએ વૃધ્ધિ પામતો જતો હતો. ૧૯૮૧ પછી સંતોની અવરજવરને કારણે સત્સંગ ફૂલ્યો ફાલ્યો. મંદિર નાનું પડવા લાગ્યું. સૌને મંદિરના સ્થળાંતરના વિચાર આવવા લાગ્યા. સંનિષ્ઠ હરિભક્તોએ ભુજ મંદિરના  મહંત સ્વામી ધર્મનંદનદાજી આગળ વાત કરી. પૂ. મહંત સ્વામીએ સૌને બળ આપ્યું. સંપન્ન હરિભક્તોને વિશાળ મંદિરના નિર્માણ માટે પ્રેરણા અને આશીર્વચન આપ્યા. સૌ ઉત્સાહમાં આવી ગયા. અનેક દાતાઓએ પોતાની શક્તિ અનુસાર ભૂમિદાન કર્યું. થોડા સમયમાં આઠેક એકર જમીન સંપાદિત થઈ ગઈ.  પ.ભ. પરબતભાઈ પ્રેમજી વેકરીયાની આગેવાનીમાં પ.ભ. હીરજીભાઈ  ખીમજી શિયાણી સહિત અન્ય હરિભક્તો મળી ૧૦ સભ્યોની બાંધકામ સમિતિની જુલાઈ ૨૦૧૦માં સમિતિ રચાઈ. ભુજ ૮ સંતોનું મંડળ મંદિર ભૂમિપૂજન માટે નાઈરોબી પહોંચ્યું.પ.ભ. રામજીભાઈ દેવજી વરસાણી પરિવાર ભૂમિ પૂજનના મુખ્ય દાતા બન્યા.



















## બોરવેલનું ખાતમુહૂર્ત









# ખાત મુહૂર્ત

આચાર્ય મહારાજશ્રી તથા ભુજ મંદિરના ૪૦ સંતોની ઉપસ્થિતિમાં તા. ૧૦-૨-૧૩નાં વિશાળ તનમેદની વચ્ચે શિલાન્યાસવિધિ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. ત્રિદિવસીય જ્ઞાનયજ્ઞ પારાયણનું આયોજન થયું.

ખાતમૂહુર્તના યજમાનપદનો લાભ લેવાની શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીની જાહેરાતને પગલે મંદિરના માજી ટ્રસ્ટી બળદીયાના પ.ભ. પ્રેમજીભાઈ મેઘજી વેકરીયાના સુપુત્રો પ.ભ. પરબતભાઈ(મંદિરના અધ્યક્ષ) તથા પ.ભ. નારણભાઈએ તથા મીરજાપરના પ.ભ. ખીમજીભાઈ ભીમજી શીયાણી તેમના સુપુત્રો પ.ભ. હીરજીભાઈ (મંદિરના ઉપાધ્યક્ષ), પ.ભ. કરશનભાઈ, પ.ભ. નિમીષભાઈ(ટ્રસ્ટી કંપાલા મંદિર) મળીઆ મુખ્ય બંને પરિવારોએ ઊંચા આંક બોલી ખાતમૂહુર્તના યજમાન થયા. આચાર્ય મહારાજશ્રી, મહંત સ્વામીને સાથે રાખી મંદિરના ગોર હરેશ મહારાજના માર્ગદર્શન મુજબ બંને યજમાન પરિવારોને સાથે બેસાડી સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીએ શિલન્યાસવિધિ કરાવ્યો. આરતી થઈ.

ગામ રામપરના પ.ભ. લાલજીભાઈ કરશનભાઈ વેકરીયાના સુપુત્રો ગોપાલભાઈ, રવજીભાઈ તથા લક્ષ્મણભાઈ પરિવાર તરફથી બંને સમય ભોજનરૂપી મહાપ્રસાદ પીરસાયો. મંત્રીશ્રી જાદવજીભાઈ હાલાઈએ સૌ શ્રેષ્ઠીશ્રીનો આભાર વ્યક્ત કર્યો.














# મંદિર નિર્માણની આછેરી ઝલક



















# મંદિર નિર્માણની આછેરી ઝલક


















# મંદિર નિર્માણ નિમિત્તે વ્રત-નિયમ-સંકલ્પો

એક તરફ મંદિર નિર્માણનું કાર્ય ધમધોકાર રીતે ચાલી રહ્યું હતું. તો બીજી તરફ આ કાર્ય  ઝડપથી નિર્વિઘ્નપણે પૂર્ણ થાય તે માટે કેટલાયે હરિભક્તોએ વિવિધ જાતના વ્રત-નિયમો-સંકલ્પોનું અનુસંધાન ચાલુ રાખ્યું હતું. બે હજાર જેટલા હરિભક્તોએ નિત્ય અગિયાર પ્રદક્ષિણાઓ કરવાનો નિયમ લીધો હતો. તે કેટલાએ શ્રીઠાકોરજી સમક્ષ સમૂહમાં હજારોની સંખ્યામાં ૧૦૮ દંડવત્‌ના નિયમ લીધા હતા. સાથે સમયનું દાન કરી નોકરી સિવાયના સમયમાં રાત-દિવસ પથ્થરો તોડવાથી માંડી ઊંચકવાની, દૂર સુધી પહોંચાડવાની કઠિન સેવા સ્વીકારી હતી. વળી કંટેનરોમાંથી આવતા મંદિર માટેના પથ્થરોને ઉતારવાના કાર્ય માટે પોતાના સાધનો ઉપયોગમાં લઈ શ્રીજીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. યુવક-યુવતી મંડળના ઉત્સાહી કાર્યકરોએ એક વર્ષનું કામ  દોઢ માસમાં પૂર્ણ કર્યું. ટાઈલ્સ, પથ્થરો વગેરેના જડતર કાર્યમાં યુવાનોએ ઉત્સાહભેર પરિશ્રમનું જળ સીંચ્યું હતું. સાથે બહેનોએ જડેલા પથ્થરોને ઘસીને ઓપ આપવાનું કઠીન સેવા કરી ઠાકોરજીને રાજી કર્યા હતા. મંદિરના ઉપલક્ષ્યમાં પ્રભાતફેરીઓ થઈ હતી. તો મંત્રલેખનના નિયમો ઘણા હરિભક્તોએ લીધા હતા.

## પ્રભાતફેરી

















# જુના મંદિરની મૂર્તિઓનું નૂતન મંદિરમાં આગમન

મંદિર  બાંધકામનું કામ આગળ વધતું હતું. આ સમયે મંદિરનો શ્રીસહજાનંદ ષષ્ટીપૂર્તિ મહોત્સવની ઉજવણી આવતી હતી. એની વચ્ચે ઉત્સાહમાં વૃધ્ધિ કરતા હોય તેમ સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ નૂતન મંદિર માટે તા. ૭-૮-૨૦૧૬ના શુભ દિને મૂર્તિપ્રતિષ્ઠા થશે એવી ઘોષણા કરી. મંદિરના ૬૧મા પાટોત્સવના અંતે તા. ૧-૧૧-૨૦૧૫ રવિવારના શુભ દિને કિરિયાન્ગા રોડ સ્થિત મંદિરેથી મૂર્તિઓનું ઉત્થાપન કરી નૂતન મંદિરના ભોંયતળીએ પધરાવવામાં આવી. સ.ગુ. મહંત સ્વામી અને સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના માર્ગદર્શન હેઠળ વાંજતે ગાજતે આ ઉત્સવ ઉજવાયો.














## ઉત્સવ પૂર્વે નૂતન મંદિરે પ્રદક્ષિણા











# ઉત્સવ પૂર્વે ચેરિટી વોક









# ઉત્સવ ઉપક્રમે વોલીબોલ ટુર્નામેન્ટ













# મહોત્સવ નિમિત્તે વૃક્ષારોપણ








# મહોત્સવ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન









# જરુરિયાતમંદોને સહાય

**ચરાચરમાં વ્યાપી રહેલા શ્રીનરનારાયણદેવની પ્રસન્નતા અર્થે વિવિધ વિસ્તારોમાં વસતા ગરીબોની ઝૂંપડીઓમાં જઈ, તેમની અન્નવસ્ત્રોની જરૂરિયાતો સંતોષી હતી.**





















On A
Charitable
Journey
On A
Charitable
Journey















# ઉત્સવ પૂર્વે મેડીકલ કેમ્પ

ઉત્સવ ઉપક્રમે મેડીકલ કેમ્પનું આયોજન થયેલું. જેમાં દંતચિકિત્સા, આંખના મોતિયાના ઓપરેશન તથા સામાન્ય સર્જરીઓ જેવી ‘સર્વજીવ હિતાવહ’ પ્રવૃત્તિઓ આદરી મંદિર માટે સામાન્ય માનવીના હૈયાના આશીર્વાદ મેળવ્યા હતા.

જ્યારે જીવમાત્ર અને સમગ્ર કુદરત ખુશ હોય ત્યારે જ મહાનકાર્યો પરિપૂર્ણ થતા હોય છે. સંતોના આ વિચારને અનુમોદન આપતા હોય તેમ નાઈરોબીના હરિભક્તોએ સમગ્ર વાતાવરણ અને જીવનને સેવામય બનાવ્યું. એના ફળસ્વરૂપ મંદિરનો મહોત્સવ વધુ ઉજળો બન્યો.

















# જરૂરિયાતમંદ સંસ્થાઓને સહાય

તા. ૩૧-જુલાઈના નાઈરોબીના વિવિધ સેવાક્ષેત્રે કાર્યરત નવ જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ (N.G.O.)ને ભોજન સહાયતા પેટે બનાવેલી કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું. જેની કિંમત સિલિંગ પચ્ચીસ લાખની હતી.

'અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો, પરદુઃખ હારી રે, વારી બહુ નામીનો.'

એવા શ્રીજી મહારાજના સાચા વારસદાર જેવા દયાળુ સંતો મસ્તક ઉપર કીટ્સના પાર્સલો ઊંચકીને સંસ્થાઓને ભેટ ધરી હતી. સૌના ચહેરા ઉપર જરૂરત મંદોની પડખે ઊભા રહ્યાનો સંતોષ વંચાઈ જતો હતો.

મિશનરીસ ઓફ ચેરીટી (કન્યા) - લંગાટા, ન્યુ ઓફ હોમ કિબેરા (પુરુષો) - નાઈરોબી, લીમુરુ ચેસીર હોમ (કન્યા) - નાઈરોબી, કિલિમની પ્રાઈમરી સ્પેશીયલ સ્કૂલ (બંને સાથે) - નાઈરોબી, ગુરમ કારીયોકો, હેન્ડ ઈન હેન્ડ હુરુમા, કિકુમીની પ્રાઈમરી સ્કૂલ સ્મોલ હોમ, મેડગો સ્પેશ્યલ સ્કૂલ, મારીયા મગદાલેના સ્પેશ્યલ સ્કૂલ, સહજાનંદ સ્પેશ્યલ સ્કૂલ - મોમ્બાસા.








# મંદિર નિર્માણની સાથે હરિભક્તો માટે સુવિધાઓ

મંદિર નિર્માણમાં માનવશક્તિની મોટા પાયે જરૂર પડશે. મજૂરો તો સ્થાનિક મળી રહે. પરંતુ હરિભક્તોની સેવા મળે તો મંદિરનું નિર્માણ ઝડપી, સસ્તુ અને પવિત્રકારી બને. આ માટે મંદિરની સમીપ આવાસ યોજના સાકાર બને તો જ આ બધું શક્ય બને. પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી ૧૫૦ જેટલા ફ્લેટ મંદિર પરિસરમાં બનાવવામાં આવ્યા છે. આઠસો જેટલા પરિવારોનો સમાવેશ થઈ શકે એટલી આવાસો લંગાટા વિસ્તારમાં નિર્માણ થયા છે. શહેરથી દૂર લંગાટા વિસ્તારમાં રહેનારા આ હરિભક્તોના સમય-શક્તિનો બચાવ થાય એ માટે જીવનજરૂરી વસ્તુઓની ખરીદી માટે શોપિંગ સેન્ટર, તબિયતની સુખાકારી માટે હોસ્પિટલ તથા બાળકોના શિક્ષણ માટે ભવ્ય બહુમાળી શાળાનું નિર્માણકાર્ય આરંભાઈ ચૂક્યા છે કે પૂર્ણ થવામાં છે. આ બધા જ સ્થળોને જોડતા દ્વિ-માર્ગી રોડ, વૃક્ષારોપણ દ્વારા લંગાટા વિસ્તારના આ 'કચ્છપ્રાંત'ને સુવિધાપૂર્ણની સાથે સુંદર બનાવવામાં આવ્યું છે. મંદિર ધાર્મિકની સાથે સામાજિક પ્રવૃત્તિઓનું પણ કેન્દ્ર બને એ માટે વિવાહખંડ(વેડિંગ હોલ) તથા ભોજનખંડ(કિચન)નું નિર્માણ કરવાનું પણ નક્કી કરવામાં આવેલ. જે પરિપૂર્ણ થયું છે.









# નૂતન મંદિર માટેની મૂર્તિઓનું ભુજથી આગમન અને સ્વાગત













# ઉત્સવ સમિતિના મુખ્ય આયોજકો : સંતો તથા હરિભક્તો

પૂર્વ આયોજન વિના કોઈ કાર્ય સફળતા સિધ્ધ કરી શકે નહિ. લગભગ બે સપ્તાહ સુધી ચાલનારા લંગાટા નૂતન મંદિરના મહોત્સવ માટેની આયોજન અંગેની તૈયારીઓ ઘણા મહિનાઓ અગાઉ થવા લાગી હતી. આ માટે સૌ પ્રથમ મહોત્સવ સમિતિની રચના કરવામાં માટે લંગાટા મંદિરની સંપૂર્ણ કમિટિ ભુજ મંદિરે આવી હતી. પૂ. મહંત સ્વામીની આજ્ઞા અનુસાર ઉત્સવમાં સેવાકીય સમિતિઓની રચના કરવામાં આવી હતી. જાણે કે આ ઉત્સવ ભુજ મંદિરનો જ છે એવી ભાવનાથી સંતો જ નાઈરોબી પધારે અને સંપૂર્ણ ઉત્સવની જવાબદારી સ્વીકારે આવી અંતરની લાગણીને ધ્યાનમાં લઈ નીચે પ્રમાણેની સમિતિઓની રચના કરવામાં આવી હતી.

ઉત્સવની મુખ્ય સમિતિમાં સ.ગુ. મહંત પૂ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ.કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી, સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી રહ્યા હતા. અને સૌના માર્ગદર્શન હેઠળ સંતો અને હરિભક્તોની વિવિધ સમિતિઓની રચના થઈ. જેમાં પોથીયાત્રા/શોભાયાત્રા, પહેરામણી, સાંસ્કૃતિક કાર્યક્રમ, ધાર્મિક પ્રદર્શન, ચતુર્વેદ પારાયણ, રાજોપચાર, મહાવિષ્ણુયાગ, પત્રિકા/સુવેનિઅર બુક, કથા-સંગીત, સંતોના ઉતારા-રસોડું, હરિભક્તોના ઉતારા અને વાહનવ્યવહાર, સ્વયંસેવક, સભાસંચાલન વગેરે વિષયોને આવરી લેતી સમિતિઓ રચાઈ. આ સૌ સમિતિના સભ્યોની કાર્યક્રમપૂર્વે બેઠકો થતી રહી. અને હરિભક્તોની ઈચ્છાનુસાર કેટલીક સમિતિઓ જેની તૈયારીઓ અગાઉ કરવાની હતી એ સમિતિઓ સાંસ્કૃતિક કાર્યક્રમ, ધાર્મિક પ્રદર્શન, સંતોના ઉતારા-રસોડું આ ત્રણ સમિતિઓ અગાઉથી જ નાઈરોબી પહોંચી હતી.

વિવિધ સમિતિના સભ્યોએ આ મહોત્સવ દરમ્યાન પોતાના ધંધારોજગારને બંધ રાખી કે રજા લઈ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ મહેનત કરી હતી. મહોત્સવના સઘળા કાર્યક્રમો દરમ્યાન મહિલા હરિભક્તોએ પણ વિવિધ વિભાગોમાં પોતાની સેવાઓ આપતી તૈયારી બતાવી હતી. ખાસ તો રસોડા વિભાગમાં તેમની સેવા પ્રશંસનીય રહી.

આમ સૂક્ષ્મ આયોજન અને એ આયોજન અનુસાર કાર્ય કરવાના સહિયારા પ્રયત્નો થકી મહોત્સવ સફળ થયો એમ કહેવું ઉચિત ગણાય.









# આમંત્રણ પત્રિકા


Shree Kutch Satsang Swaminarayan Mandir - Nairobi
શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ
5th - 13th August 2016
શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ નૂતન મંદિર, નાઈરોબી
SHREE CUTCH SATSANG SWAMINARAYAN TEMPLE
NAIROBI - KENYA
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ
પ.પૂ. સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી
Shree Kutch Satsang Swaminarayan Mandir - Nairobi
શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ
5th - 13th August 2016
VOLUNTEER
મહોત્સવના સોનેરી અવસરો
રાત્રી કાર્યક્રમો

સમૈયા-ઉત્સવની આમંત્રણ પત્રિકાઓનું વિતરણ સ્વામિનારાયણ સંપ્રદાયની અનેરી પરંપરા છે. નૈરોબી નૂતન મંદિરની આકર્ષક આમંત્રણ પત્રિકા નિહાળી સૌના હૈયાં ઉત્સવઘેલાં થયાં. નાઈરોબી મંદિરના ટ્રસ્ટીઓ તથા કાર્યકર્તા હરિભક્તો પત્રિકાઓ લઈ હરખભેર દેશમાં આવેલા. ભુજમાં શ્રી નરનારાયણદેવના ચરણોમાં પત્રિકા ધરવામાં આવી. પૂ. મહંત સ્વામી અને સંતોને તથા પૂ. આચાર્ય મહારાજશ્રીને રૂબરૂમાં પત્રિકા દ્વારા પધારવા નિમંત્રણ આપ્યું. નાઈરોબીના હરિભક્તોના આ વિવેકસભર પ્રેમને વશ થઈ ભુજના ૧૭૬ સંતો ઉપરાંત પૂ. મહારાજશ્રી, પૂ. મોટા મહારાજશ્રી, તથા લાલજી મહારાજશ્રી સહિત સમગ્ર ધર્મકુળ ઉત્સવમાં ઉપસ્થિત રહ્યું હતું. અમદાવાદ મંદિરેથી પણ ત્યાંના મહંત સ્વામી તથા સંતો પધારેલા. પત્રિકા દ્વારા ઉત્સવનો મહિમા જાણી દેશ-દેશાવરથી હરિભક્તો મોટી સંખ્યામાં નાઈરોબી પધારી ઉત્સવને શોભાવી સફળ કરેલ.


ભાવસભર નિમંત્રણ આપતી આ પત્રિકા તૈયાર કરવામાં શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા પાર્ષદ માવજી ભગતની ઉપરાંત પ.ભ. નારણભાઈ રવજી ગોરસીયા તથા પ.ભ. ગોપાલભાઈ રામજી મેપાણીએ સહયોગ આપેલ.













## આફ્રિકાનું સૌથી મોટું હિન્દુ મંદિર

પૂર્વાભિમુખ નવ આકાશી શિખર, ૬૫ ધૂમ્મટીઓ, ૧૯ તકતા, ૯૦ બાય ૯૦ મીટર(૮૧૦૦ ચો.મી.)ની વિશાળ પીઠિકા, ૧૮ ફૂટ ઊંચાઈએ પ્રથમ ફ્લોર, ૩૫ પગથિયાં એરપોર્ટમાં હોય તેવી સ્વયં સંચાલિત ચલિત સીડી, વિશાળ ગર્ભગૃહ, આઠ મજબૂત કલામંડિત સ્તંભ, મધ્ય પ્રવેશ, મંદિર સામે મસ્તક કરી ઊભા રહીએ તો ડાબા હાથ બાજુ મહિલા સત્સંગ માટે વિશાળ સભાગૃહ તેટલો જ પુરુષો માટે, બન્ને અલાયદા ત્રણ ત્રણ તક્તામાં શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રીનરનારાયણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ, હનુમાનજી, ગણપતિજી બિરાજમાન છે. મહિલા-પુરુષના અલાયદા સિંહાસન મળી કુલ ૧૯ તકતા, મધ્ય પ્રવેશ ડોમ, મધ્યમાં સુવર્ણ સિંહાસનને આફ્રિકામાં સૌ પ્રથમ વાર શ્રી ઘનશ્યામ મહારાજની ત્રિપરિમાણ મૂર્તિ બિરાજમાન છે. કિરીયાન્ગા મંદિરમાં ભુજ મંદિરના સંતોના હસ્તે પ્રાણપ્રતિષ્ઠા થઈ પ્રસાદીભૂત થયેલ મીઠી મૂર્તિઓ પણ અહીં દર્શન આપે છે. સમગ્ર મંદિર ઉદ્ધવ સંપ્રદાયના માધ્યમે સનાતન હિન્દુ વૈદિક સંસ્કૃતિનું અવગાહન કરાવે છે.

## મંદિરમાં શું વપરાયું ?

ચાર હજાર ટન બંસીપાલ ગુલાબી પથ્થરને જેને ૧૫૦ કન્ટેનરમાં ભરી લવાયો છે. સમગ્ર મંદિર જાણે ગુલાબી આભા વેરી રહ્યું છે. ચોતરફ કમાનોની કમાલ, ૨૪ ઝરૂખા, હજારો થાંભલીઓ, સનાતન, ઋષિ પરંપરા, વેદપુરાણ અને ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રસાદી પ્રસંગોને પાષાણ પ્રગટ કરાયા છે. જુલાઈ-૨૦૧૩થી કાર્ય આરંભાયું હતું. ૨૫ લાખ ક્યૂબિક ફૂટ કાળમીંઢ પથ્થર ખોદી ૫૦૦ જેટલા વાહનોનું પાર્કિંગ મંદિર બાંધકામક્ષેત્ર નીચે કરાયું છે. ૬૦૦ સ્થાનિક શ્રમિકો, ભારતના ૪૦૦ કુશળ કલાશિલ્પીઓના અવિરત પરિશ્રમથી અજાયબ દુનિયા સર્જાઈ છે. ૩૭માસ (૧૧૨૫ દિવસ)નો શ્રમ સાકાર થયો છે. સવા ત્રણ કરોડ માનવ કલાકનું આ સર્જન અદ્વિતીય છે, અદ્ભુત છે. એટલે જ તો સમગ્ર આફ્રિકાનું મહાતીર્થ છે. જ્યાં આવનાર મુલાકાતી માત્ર ધર્મસ્થાન નહીં, આધ્યાત્મિક જગતની શ્રેષ્ઠતાનું આચમન અવશ્ય કરે છે.

## આ છે આફ્રિકામાં પ્રથમ મંદિર નિર્માણના સંનિષ્ઠ હરિભક્તો

કરસનભાઈ ગોપાલ જેસાણી(બળદીયા), ગોવિંદભાઈ ઉકેડા હાલાઈ(માધાપર), ગોપાલભાઈ નાનજી કેરાઈ(સુખપર), નારણભાઈ રવજી પિંડોરીયા(માધાપર), ઝીણાભાઈ રત્ના જેસાણી(બળદીયા), લાલજીભાઈ લધા આસાણી(માનકુવા), કુંવરજી નારણ ગાજપરીયા(નારણપર), મનજીભાઈ હીરજી વેકરીયા(બળદીયા), લાલજીભાઈ મેઘજી વેકરીયા(બળદીયા), દેવજી રામજી હીરાણી(સુરજપર), હરજી ગાંગજી ભોજાણી(ભારાસર) તથા અન્ય ઘણા નામી અનામી અગ્રણીઓએ તન, મન ધનથી સમર્પણ સેવ્યું છે.

# શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવમાં ભુજથી પધારેલા સંતોનું સ્વાગત












# શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવમાં ભુજથી પધારેલા સંતોનું સ્વાગત














## ધ્વજારોહણ

તા. ૩૧-૭-૨૦૧૬ રવિવારે સંતો, હરિભક્તોના હૃદયમાં આનંદનો દરિયો ધૂઘવતો હતો કારણ કે આજે ધ્વજસ્તંભ ઉપર મહોત્સવની ઉજવણી માટે સૌને આહ્‌વાન આપતો ધર્મધ્વજ લંગાટાના આકાશમાં લહેરાવાનો હતો. નિર્ધારિત સમયે પૂ. મહંત સ્વામી, વડીલ સંતો, વિપ્રો, યજમાન પરિવાર સહિત ધ્વજસ્તંભ પહોંચી ગયા. વિપ્રો દ્વારા વેદોક્ત વિધિથી મંત્રોચ્ચાર સાથે ધ્વજનું પૂજન કરવામાં આવ્યું. જનમંગલ નામાવલિનો પાઠ કરવામાં આવ્યો. અને ધ્વજને દોરી વડે સ્તંભની ટોચે પહોંચાડી ગગનમાં લહેરાતો કરવામાં આવ્યો. હરિભક્તો દ્વારા પુષ્પવૃષ્ટિ કરવામાં આવી. પ્રથમકેન્યાનું રાષ્ટ્રગીત અને ત્યારબાદ ભારતીય રાષ્ટ્રગીત બેન્ડની સૂરાવલિમાં રજૂ થયા. ભારત માતાકી જય, વંદે માતરમ્ તથા જય સ્વામિનારાયણના જયઘોષ સાથે ધ્વજારોહણ કાર્યક્રમસંપન્ન થયો.










# ગરૂડધ્વજ સ્તંભ અનાવરણ

મંદિર સન્મુખ ગરૂડ ધ્વજ સ્તંભનું અનાવરણ કરવામાં આવ્યું.પૂજન-આરતી થયા. સ્તંભની હેઠળ સ્વામિનારાયણ મહામંત્ર લેખનની ૬૩ કરોડ મંત્ર લેખન યુક્ત પોથીઓ પધરાવવામાં આવી.















## પૂર્વસંધ્યા દીપોત્સવથી ઝળહળ થઈ

નૂતનવર્ષની પૂર્વસંધ્યાએ દીપોત્સવીનો પર્વ આવે તેમલંગાટા નૂતન મંદિરની પૂર્વસંધ્યાએ તા. ૩ ઓગસ્ટના દીપોત્સવનું આયોજન કરવામાં આવેલું. પૂરા દિવસ દરમ્યાન મહિલા તથા પુરુષ હરિભક્તો મંદિર પરિસર, મંદિરની ઉપર, રૂપચોકી તથા રસ્તાઓની બંને બાજુએ રંગોળી ચિત્રિત કરી રંગબેરંગી પુષ્પોથી શણગારી હજારોની સંખ્યામાં દીવડા રંગોળીઓમાં ગોઠવી પૂ. મહંત સ્વામી તથા સદ્‌ગુરુ સંતોની ઉપસ્થિતિમાં પ્રગટાવવામાં આવ્યા ત્યારે તારલાઓ સહિતનું આકાશ જાણે ધરતી ઉપર ટમટમી રહ્યું હોય એવું સુંદર દૃશ્ય સર્જાયું હતું. સ્વયંસેવક ભાઈઓએ પણ રંગોળી માટે જરૂરી વસ્તુઓ પહોંચાડી દીપોત્સવમાં સેવાઓ આપી હતી.























### મહોત્સવના શુભ પ્રારંભે

## શ્રીમત્ સત્સંગિજીવન પોથીયાત્રા

શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. હરિભક્તોના હૈયામાં હર્ષ અને ઉમંગ સમાતો નહોતો. અત્યંત સુશોભિત હોડી આકારના રથમાં શ્રીઠાકોરજીને પધરાવી બપોરે ૨:૩૦ કલાકે પોથીયાત્રાની સફર ફેનોન એસ્ટેટથી શરૂ થઈ. સુંદર નવા વસ્ત્રો પરિધાન કરી, આભૂષણોના શણગાર સજી જીવનના આ અનેરા અવસરને મન મૂકીને માણી લેવા સંપૂર્ણ નિષ્ઠા અને ભક્તિભાવ સાથે યજમાન કર્મયોગી બહેનો અને હરિભક્ત બહેનોએ પોથીઓને શિર પર ધારણ કરીને ભક્તિમય વાતાવરણમાં યાત્રા માર્ગને દિવ્ય બનાવી દીધો. આફ્રિકા ખંડમાં આવેલા મંદિરો પૈકી સર્વ પ્રથમ સ્થાપાયેલા આ મંદિરના મહોત્સવમાં હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહેલ હરિભક્તો, ભુજ મંદિરથી પધારેલ સંતો, કર્મયોગી બહેનોના વિશાળ સમુદાયે યાત્રાને દિવ્યતા બક્ષી હતી. શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય, શ્રી નરનારાયણદેવની જય, શ્રી સ્વામિનારાયણ ભગવાનની જયના જયઘોષ દ્વારા વાતાવરણમાં એક અનેરો આહ્લાદ જોવા મળ્યો હતો. વિવિધ બેન્ડપાર્ટીઓની સંગીતમય સૂરાવલિઓ, ભજન મંડળીઓની કીર્તનની રમઝટ, વિદ્યાર્થીઓની લેઝીમ કૂચ, યુવા શક્તિઓનો પરિચય આપતા રેસ-કારના કરતબો, મહામંત્રની ધૂનના સથવારે શણગારેલી હોડીમાં શ્રીઠાકોરજી દર્શન આપતા હતા.


શા. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, પુ. સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, પુ. સ્વામી ઘનશ્યામચરણદાસજી અને પુ. સ્વામી બદ્રીશ્વરદાસજી જેવા સંતોના સૂઝસભર માર્ગદર્શન હેઠળ હરિભક્તો પ.ભ. દેવશીભાઈ જેઠા હિરાણી અને પ.ભ. શામજીભાઈ જાદવા હાલાઈએ પાથીયાત્રાના મુખ્ય માર્ગદર્શક તરીકે રહીને સ્વયંસેવકો અને પોથીયાત્રાના વ્યવસ્થાપકોને નેતૃત્વ પૂરું પાડ્યું હતું.સ્વયંશિસ્ત આ શોભાયાત્રાની ખાસ વિશેષતા હતી. સ્વયંસેવકો દ્વારા તમામ વ્યવસ્થાઓ સુપેરે પાર પાડવામાં આવી હતી. નિયત સમયાનુસાર પોથીયાત્રા સભામંડપમાં પહોંચી, સ્વાગત ગીત નૃત્યથી સ્વાગત કરવામાં આવ્યું. બ્રાહ્મણોના વેદ મંત્રોચ્ચારથી પૂજનવિધિ કરાયો. જેમાં પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ સ.ગુ. જાદવજી ભગત, અન્ય વડીલ સંતો, યજમાનો આદિ જોડાયા હતા. પોથીઓને સભામંડપમાં યોગ્ય સ્થાને પધરાવવામાં આવી. આવી અદ્ભુત પોથીયાત્રા અવિસ્મરણીય રહેશે.












# શ્રી મહા વિષ્ણુયાગ

શ્રીજી મહારાજને વેદોક્ત પરંપરાઓમાં વિશેષ શ્રધ્ધા હતી. તેમાં પણ શ્રી વિષ્ણુયાગ તરફ વિશેષ રૂચિ રહેલ. નૂતન મંદિર મહોત્સવ દરમ્યાન શ્રાવણ સુદ : ૩ના ત્રિદિવસીય વિષ્ણુયાગનો શુભારંભ થયો. ઉત્સવમાં તથા મંદિરના બાંધકામમાં જેમની મોટી સેવા હતી એવા ૨૭૦ પરિવારો માટે બનાવેલ ૫૧ યજ્ઞકુંડમાં ભુજ મંદિરના ગોર મહેશભાઈ શાસ્ત્રી, અક્ષયભાઈ શાસ્ત્રી, અંજાર મંદિરના ગોર યોગેશભાઈ શાસ્ત્રી તથા માંડવી મંદિરના ગોર કિરણભાઈ શાસ્ત્રી દ્વારા યજમાનોની દેહશુધ્ધિ સંસ્કાર બાદ ઋત્વિજોઓએ સૌને વેદીઓ સમીપ આસન આપી મંત્રોચ્ચાર સાથે યજ્ઞની વિધિઓ કરાવી. પૂ. મહંત સ્વામી આદિ વડીલ સંતો તથા પૂ. આચાર્ય મહારાજશ્રીએ પણ વિષ્ણુયાગના દર્શન કરી પાવન થયા હતા.

સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, પૂ. સ્વામી કેશવજીનદાસજી, સ્વામી બ્રહ્મમુનિદાસજી, સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી તથા ભુજ-અંજાર-માંડવી મંદિરોના ગોર મહારાજ વગેરે યજ્ઞ સમિતિમાં રહીને સેવાઓ આપી હતી. તો પરબતભાઈ પ્રેમજી વેકરીયા, હરિશભાઈ ગોવિંદ વેકરીયા, નારણભાઈ રવજી ગોરસીયા, ગોપાલભાઈ રામજી મેપાણી, અમીતભાઈ  હરજી હાલાઈ વિગેરે હરિભક્તોની સમિતિએ પણ શ્રી વિષ્ણુયાગ તથા ચતુર્વેદ પારાયણ યજ્ઞ કાર્યમાં સહયોગ આપેલ.
















# ચતુર્વેદ પારાયણ

મંદિરના સમીપે કચ્છી ભુંગાને મળતી આફ્રિકન ઢબની પર્ણકુટીઓ બનાવવામાં આવી હતી. જ્યાં ઋગ્વેદ, સામવેદ, શુકલ તથા કૃષ્ણ યજુર્વેદ, અથર્વવેદ, વિષ્ણુ સહસ્ત્રનામ, જનમંગલ નામાવલિના પાઠ વેદાભ્યાસી ભૂદેવો ભગીરથભાઈ ત્રિવેદી, ચિંતનભાઈ જોષી, હર્ષલભાઈ ભટ્ટ, ભાર્ગવભાઈ પંડ્યા, હરિભાઈ કુલકર્ણી, ઓમકારભાઈ કાકડે, બાલકૃષ્ણનનૂ, અનંતકુમાર, વસુદેવાનંદજી, વિદ્વાન મહેન્દ્રજી, વિદ્વાન ભાગવતજી, દુર્ગેશભાઈ શાસ્ત્રી, સુરેશભાઈ શાસ્ત્રી આદિ પવિત્ર બ્રાહ્મણો દ્વારા ઉચ્ચારિત થઈ રહ્યા હતા. પ્રાચીન ભારતીય આશ્રમપ્રાણાલીની યાદ અપાવતું સમગ્ર વાતાવરણ વૈદિક મંત્રોચ્ચારથી ગુંજી રહ્યું હતું. એક તરફ કથામૃત શ્રવણ, બીજી તરફ વિષ્ણુયાગની પાવક ધૂમ્રસેરો અને ત્રીજી તરફ ચતુર્વેદ પારાયણનું ગાન સમગ્ર વાતાવરણને ધાર્મિક ગરિમાયુક્ત બનાવી ઉત્સવને પવિત્ર અને સફળ બનાવી રહ્યા હતા. પધારેલા પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પૂ. મહંત સ્વામી સહિત સૌ સંતો અને હરિભક્તો આ સમગ્ર વિધિના દર્શન-શ્રવણ કરી પોતાની જાતને કૃતાર્થ કરી હતી.

ચતુર્વેદ પારાયણ દરમ્યાન શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, શા. સ્વામી પરમહંસદાસજી, પુ. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી ઉપરાંત હરિભક્ત અમીતભાઈ હરજી હાલાઈએ વ્યવસ્થાકાર્યમાં સહયોગ આપેલ.























## ॥ કથામૃતમ્ ॥

# શ્રી સત્સંગિજીવન નવાહ્ન પારાયણ

શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ દરમ્યાન નાઈરોબી લંગાટા પ્રાંત મધ્યે બે સપ્તાહ સુધી ઉજવાયો. અનેકવિધ કાર્યક્રમો થયા. આ અનેકવિધ આયોજનોમાં શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણનું આગવું મહત્ત્વ હતું. સંપ્રદાયના શિરમોર ગ્રંથ શ્રીમદ્ સત્સંગિજીવનના નવાહ્ન પારાયણનું (તા. ૫-૮-૨૦૧૬ થી તા. ૧૩-૮-૨૦૧૬) સંપન્ન થયું. દરરોજ સવારના ૭:૩૦ થી ૯:૩૦ અને મધ્યાહ્ને ૩:૩૦ થી ૬:૩૦ સમય દરમ્યાન કુલ ૫ કલાકપર્યંત કથામૃતનું પાન હરિભક્તો ભાવપૂર્વક કરતા અને કેમ ન કરે ? એક તો શ્રીજી મહારાજના અને ભગવદીય ભક્તોના વિધવિધ પ્રસંગો અને સાથે તેનું પાન કરાવનાર ભુજ શ્રીનરનારાયણદેવ મંદિરના ચાર વિદ્વાન સુજ્ઞ સંતો વ્યાસપીઠ ઉપર બિરાજીત હતાં જેમાં સર્વશ્રી પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી, શા. સ્વામી ગોલોકવિહારીદાસજી, શા.સ્વામી ભક્તવત્સલદાસજી તથા શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી હતા.તો શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા શા. સ્વામી દેવચરણદાસજી







સંભાસંચાલક તરીકે કથાના આરંભે અને અંતે વ્યાસપીઠ અને શ્રોતાજનો વચ્ચે કડીરૂપ બની સૌના ઉત્સાહમાં વૃધ્ધિ કરી હતી.

મૂળે સંસ્કૃતભાષામાં રચાયેલા અને શ્રીજી મહારાજના સ્વધામ ગમન બાદ આ પ્રથમવાર શ્રી શતાનંદ મુનિ દ્વારા ગવાયેલા આ ગ્રંથનું સરળ ગુજરાતી ભાષામાં વ્યાસપીઠ ઉપરના વક્તાશ્રીઓએ પાન કરાવ્યું. મૂળ કથાને વફાદાર રહી ક્વચિત સંપ્રદાયના અન્ય ગ્રંથોમાંથી શ્રીજી મહારાજના પ્રસંગો વર્ણવી શ્રોતાઓને કથારસમાં લીન કર્યા હતા. સંગીતજ્ઞ સંતો સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી અક્ષરમુક્તદાસજી, તબલાવાદક સ્વામી કપિલમુનિદાસજી, ઓક્ટ્રોપેડ ઉપર સ્વામી દેવનંદનદાસજી તથા વાયોલિન ઉપર સ્વામી હરિજીવનદાસજીએ કથાપ્રસંગને અનુરૂપ ગીતો માટેનું સંગીત પીરસી વાતાવરણને ગૂંજતુ રાખ્યું હતું. નંદ સંતોના કીર્તનોની અભિવ્યક્તિ કથાની પોષક બની વાતાવરણને ભક્તિમય બનાવી હતી.

ભાઈઓના સભાગૃહમાં ચાલતી આ કથામાં વ્યાસપીઠની જમણી તરફ શ્રીહરિનું ત્રિશિખરી મંદિર તથા બંને તરફ કથા શ્રમિકો માટે બેઠેલા સંતોની અર્ધવર્તુળાકાર પંક્તિઓ અને સન્મુખ વિશાળ હરિભક્તોની હાજરી સભાને દિવ્યતા બક્ષતી હતી. અને તમાંય પ.પૂ. ૧૦૦૮ આચાર્યશ્રી



કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, પૂ. મોટા મહારાજ તથા પૂ. લાલજી મહારાજની ઉપસ્થિતિ હોય, પ.પૂ. સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના વડપણ હેઠળ અનેક સંતો કથા શ્રવણ કરી રહ્યા હોય ત્યારે અક્ષરધામની સભા તુલ્ય વાતાવરણ સર્જાઈ સૌને ભક્તિભાવ વિભોર કરી જતું હતું. સુવ્રતમુનિ દ્વારા પ્રતાપસિંહ રાજાને કહેવાયેલ આ કથાને પછી અસંખ્યવાર કહેવાતી આવી છે. તેમ છતાં નિત્ય નૂતન લાગે છે. લંગાટા મંદિરમાંની આ કથા પણ સૌને કથાની નૂતનતાનો અને શ્રીજી મહારાજના પ્રત્યક્ષપણાની ઝાંખી કરાવતી હતી. કથાશ્રવણની સાથે સાથે વક્તાઓની અમૃતમય વાણીનો આસ્વાદ પ્રત્યક્ષ રીતે માણી શકાય તે માટે બંને મંદિરોના સભાગૃહોમાં વિશાળ LCD સ્ક્રીનો મૂકી હરિભક્તો માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

કથા દરમ્યાન વારંવાર આસ્વાદવા ગમે તેવા અમૃતબિંદુઓનું પાન કરીએ.

● કથાવાર્તા-કીર્તન એવાં સાધન છે જે ભગવાન અને ભક્ત વચ્ચેનું અંતર ઘટાડે છે.

● ભગવાનના કોઈ પણ કાર્યમાં દોષ ન જોવો.

● સત્પુરુષની કૃપાદૃષ્ટિ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી સાધનથી કંઈ મળતું નથી.

● દીકરીના ચરણોમાં સર્વે શુકનો તથા મંગળો વસ્યા છે.

● ધર્મ એટલે માનવજીવનને સર્વોત્તમ રીતે જીવવાની વ્યવસ્થા.

● સંપત્તિ, સત્તા અને સંતતિ એ ત્રણે ઈર્ષ્યાના કારણો છે.

● ભગવાનની કથા ભગવાનને વિષે પ્રેમ ન જગાડે તો નર્યો શ્રમ જ છે.

● શ્રીહરિએ કહ્યું છે કે મારા સાધુની સેવા મારી સેવા બરાબર છે.

● ધર્મ વિનાનું કોઈ કર્મ ન કરવું.

● જાણપણાથી કરાતી સકામ ભક્તિ નિષ્કામ ભક્તિ તરફ દોરી જાય છે.

● આચરણ વગરની વાતો મીઠી લાગે છે, પણ અસર કરતી નથી.

● હનુમાનજી પાસેથી દાસત્વ ભક્તિ શીખવી.

● જેવી ભાવના તેવી પ્રાપ્તિ.

● મુમુક્ષુ હોય એ સેવા કરે, કોઈની સેવા લે નહીં.

● સૌએ મતિ સ્થિર રાખવી. ગૂમંડુંય પાક્યા પછી જ મટે છે.

● દુઃખમાં એકમના રહેવું. આ વાત સત્સંગિજીવનનું હાર્દ છે.

● જેને ભગવાન સિવાય કાંઈ ન ખપે, તેને ભગવાન મળે.

● સત્સંગ વિના સિધ્ધિ જીરવી શકાતી નથી.

● સત્સંગની મીઠાશ કથાથી જ વધે છે.

● સર્વે શાસ્ત્રોનો એક જ સાર છે. એક નારાયણ જ જાણવા યોગ્ય છે.

કથામાં બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજની લીલા ચરિત્રોથી માંડી શ્રીજી મહારાજની તિરોધાન લીલા સુધીના પ્રસંગોથી સભર સત્સંગિજીવનની કથા પ્રત્યેક હરિભક્તે જીવનમાં વાંચવી જોઈએ. એમ કહેવાયું તે સુયોગ્ય છે.














શ્રીસૂર્યનારાયણ





શ્રીશેષશય્યા

# મૂર્તિપ્રતિષ્ઠા

લંગાટા નૂતન મંદિર મહોત્સવ દિને દિને નવં નવં થઈ રહ્યો છે. સૌ મૂર્તિપ્રતિષ્ઠાના શુભદિનની પ્રતિક્ષામાં છે, એ શુભદિન આવી પહોંચ્યો. શ્રાવણ સુદ ૪ શનિવારના સવારે ૯:૩૦ કલાકે મંદિરના અગ્રભાગે બિરાજતા ગણપતિજી, હનુમાનજી સહિત પાંચમાન્ય દેવોની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. સીડી ચઢતાં જ અગ્રભાગે જમણી તરફ શ્રીહનુમાનજી ઉપરાંત શ્રી રામ, લક્ષ્મણ અને સીતાજી, શ્રીસૂર્યનારાયણ તથા ડાબી તરફ શ્રીગણપતિજીના સાંનિધ્યમાં શ્રી શિવ-પાર્વતીજી તથા શેષશય્યામાં બિરાજીત શ્રી વિષ્ણુ ભગવાનની સુંદર મૂર્તિઓ બિરાજીત થઈ. બંને સભાગૃહોમાં આસનસ્થ શ્રીજી મહારાજ, શ્રીનરનારાયણદેવ તથા શ્રી રાધાકૃષ્ણદેવ બિરાજીત થયા.

શ્રાવણ સુદ ૫ રવિવારના શુભદિને સવારે ૮:૩૦ કલાકે ભૂદેવોના મંત્રોચ્ચાર સાથે શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા વિધિનો પ્રારંભ થયો. પ.પૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી, પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા યજમાનશ્રીઓ ભૂદેવોની આજ્ઞાનુસાર



શ્રી વિષ્ણુ



શ્રીરામ, લક્ષ્મણ, સીતાજી



શ્રીગણપતિજી



શ્રીહનુમાનજી

પ્રતિષ્ઠા વિધિમાં જોડાયા. દૂધ, જળ તથા પંચામૃતથી અભિષેક થયો. પુષ્પોની માળા અર્પિત થઈ. અન્નકૂટ ધરાવવામાં આવ્યો. આરતી થઈ. સાથે શિખર ઉપર ધ્વજારોહણ થયું. પારદર્શક નયનરમ્ય આવાસમાં સ્મિત કરતા શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન માટે સૌ હરિભક્તો અધીરા બન્યા. મહારાજશ્રી તથા સંતોની વિદાયબાદ સૌ હરિભક્તો દર્શન માટે ઉમટ્યા. ભુજ સ્થિત શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ સમક્ષ જ ઊભા હોઈએ એવો સૌને ભાવ થયો. આમ મૂર્તિપ્રતિષ્ઠાનો દિવસ સૌના માટે સંભારણું બની રહ્યો.
















# મૂર્તિપ્રતિષ્ઠા


















# મૂર્તિપ્રતિષ્ઠા



# અન્નકુટ























ઘનશ્યામ સ્ટોર






























## દિવ્ય અને ભવ્ય મહાપૂજા

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભક્તો નિત્યપૂજા કરતા જ હોય છે. પરંતુ વિશિષ્ઠ ધાર્મિક પ્રસંગોએ મહાપૂજાનું આયોજન થતું હોય છે. શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે તા. ૮ ઓગસ્ટના દિને મંદિરના બંને સભાગૃહોમાં મહાપૂજા વિધિનો આરંભ થયો. ૮૦૦ જેટલા બાઈ-ભાઈ હરિભક્તોએ આ મહાપૂજામાં જોડાયા હતા. ષોડશોપચ્ચાર દ્વારા શ્રીઠાકોરજીનું પૂજન થયું. ધાર્મિક પવિત્ર વસ્ત્રોમાં સુશોભિત હરિભક્તો અને ધાર્મિક મંત્રોચ્ચારને કારણે સમગ્ર દૃશ્ય અલૌકિક લાગતું હતું. પુ. સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી તથા શા. પાર્ષદ માવજી ભગતે સમગ્ર વિધિ વિધાન કરાવ્યા હતા.











# રાજોપચાર

અખિલ બ્રહ્માંડના અધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણની શ્રીઘનશ્યામ સ્વરૂપ મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા લંગાટા મંદિરમાં શાસ્ત્રોક્ત વિધિપૂર્વક કરવામાં આવી. રાજાધિરાજ શ્રીજી મહારાજનો રાજોપચાર શાસ્ત્રોક્ત વિધિપૂર્વક કરવામાં આવ્યો હતો. અસ્ખલિત સંસ્કૃત વાણીમાં પ્રસંગવિધિનું મહિમાગાન કરતા ભૂદેવોએ પૂ. મહંત સ્વામી, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી, સ.ગુ.સ્વામી પરમહંસદાસજી આદિ સદ્ગુરુ સંતો તથા ભાગ્યશાળી યજમાનોની ઉપસ્થિતિમાં ૐ નમો નારાયણાયના મંત્રોચ્ચાર સાથે રાજોપચાર વિધિ કર્યો. વેદોના સારરૂપ ઉપનિષદોની સેવા શ્રીઠાકોરજીને અર્પણ કરવામાં આવી. ત્યારબાદ પ્રારંભ થયો પુષ્પવૃષ્ટિનો, મહંત સ્વામી સહિત સૌ સંતોએ અવિરત પુષ્પવૃષ્ટિ કરી, શ્રીજીના ચરણોમાં પુષ્પપુંજ નિર્મિત કરી દીધો. હરિભક્તોને પણ પુષ્પવૃષ્ટિનો લાભ મળ્યો. એ પછી શ્રીજી મહારાજની આસનસ્થ મૂર્તિને પાલખીમાં પધરાવી દાક્ષિણાત્ય શૈલીના છત્રો નીચે ઝૂલાવતાં ઝૂલાવતાં બંને સભાખંડોમાં વિહાર કરાવ્યો. શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, શા. સ્વામી પરમહંસદાસજી, પુ. સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી તથા હરિભક્તશ્રી અમીતભાઈ હરજી હાલાઈ વગેરે સમિતિ સભ્યોએ વ્યવસ્થા સંભાળેલી.























# વ્યાખ્યાનમાળા

મહોત્સવની દરમ્યાન થતું કથા આયોજન હરિભક્તોને પ્રભુભક્તિ તરફ વાળવામાં ઉપકારક બને છે. તેમ છતાં વર્તમાન યુગમાં જીવતો માનવી કેટલાક સંશયોને લઈને કથામાં એકાગ્ર થઈ શકતો નથી. આયોજકો અને સંતો આ વાત સુપેરે સમજતા હોઈ યુવાનોને ધર્મ અને જીવન વિશે યોગ્ય માર્ગદર્શન મળી રહે, હૃદયની સાથે મનને પણ યોગ્ય ખોરાક મળી રહે તે માટે વિશેષ વ્યાખ્યાનમાળાનું આયોજન કરેલું. ભુજ મંદિરના ૧૩ જેટલા સંતોએ વક્તાની ભૂમિકામાં રહી કથાના બંને સત્રના અંતે ૨૦ થી ૩૦ મિનિટ ટુ ધ પોઈન્ટ જઈ પોતાના વિષયને યોગ્ય ન્યાય આપવાનો સફળ પ્રયત્ન કરેલો.

આવો, વ્યાખ્યાનમાળાના આ મણકાઓને માળાના મણકાની જેમ (આંખ અને મનથી) સ્પર્શતા જઈ સાચી સમજણને હૃદયમાં દૃઢ કરીએ.



૧. 'બૂરી ગરીબ કી હાય' વિષયને સમજાવતાં સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ સૌ પ્રથમ ગરીબની વ્યાખ્યા સ્પષ્ટ કરતા કહ્યું કે માત્ર ધનથી નહિ, સ્વભાવથી પણ 'ગરીબ' હોય તેને પણ 'ગરીબ' ગણવો. તેમણે હરિભક્તોને જન્મભૂમિ કચ્છની સેવા કરવાની સાથે કર્મભૂમિ આફ્રિકા ખંડના ગરીબ વતનીઓની કાળજી લેવાની ભલામણ કરી હતી. સાથે ભુજ મંદિર દ્વારા કુદરતી આફતો સમયે થયેલી સેવા પ્રવૃત્તિઓને યાદ કરી હતી.



૨. 'સમર્પણ'ની વાત કરતાં શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ રાધાજી અને સીતાજીના દૃષ્ટાંતો આપતાં સમજાવ્યું કે સમર્પણમાં બુધ્ધિનું ડહાપણ વિઘ્નકર્તા છે. તેથી સમર્પણની પ્રાથમિક જરૂરિયાત નિખાલસતા અને નિષ્કપટપણું છે. સાચી રીતે સંપૂર્ણપણે કાયમના માટે અર્પણ એટલે સમર્પણ.



૩. 'જીવનનું ગહન રહસ્ય (The Great mystic of Life)' વિષય ઉપર પ્રકાશ પાડતાં સ્વામી રાઘવમુનિદાસજીએ ઉદ્દાલક મુનિ અને તેમના પુત્ર નચિકેતાનું દૃષ્ટાંક આપ્યું હતું. યમરાજા પાસેથી બ્રહ્મવિદ્યા શીખનાર નચિકેતાનું પાત્ર આપણને શ્રેય અને પ્રેમમાંથી શ્રેય ઈચ્છવાનું દર્શાવે છે. માનવજીવન મુક્તિ માટે છે. ભુક્તિ માટે નહિ. વળી ઉતાવળે કામ ન કરવામાં જીવનની સફળતા રહેલી છે. તે કવિ ભારવીના શ્લોક માટે સંકળાયેલી ઘટનાથી સમજાવ્યું હતું.


૪. 'શિક્ષણ પહેલો સંસ્કાર' જેવા આધુનિક સમયને સ્પર્શતા વિષય ઉપર શા. સ્વામી અક્ષરમુનિદાસજીએ તમારા સંતાનને



ભણાવવા માગો છો ? શા માટે ? જેવા વેધક પ્રશ્નો પૂછી સૌ વાલીઓને સજાગ કર્યા હતા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે સંસ્કાર વિનાનું શિક્ષણ નકામુ છે. સંસ્કારોનું શિક્ષણ માતા-પિતાએ ઘેર આપવું એવું જણાવી તેમણે બાળકને ૮૦% સંસ્કાર ગર્ભવસ્થામાં જ મળી જાય છે તે વાતને ઉદાહરણો સાથે સમજાવી હતી.



૫. 'જ્ઞાન પ્રાપ્તિના સાધનો' વિષે વ્યાખ્યાન આપતાં શા. સ્વામી શ્રીરંગદાસજીએ પ્રાચીન, મધ્ય અને વર્તમાનકાળમાં જ્ઞાનપ્રાપ્તિના સાધનોમાં આવેલ બદલાવ અને અધોગતિની ચર્ચા કરી હતી. પ્રાચીનકાળમાં ગુરુની સેવાથી મધ્યકાળમાં શિક્ષણ(તાલીમ)થી અને વર્તમાનકાળે 'ધન'થી જ્ઞાનપ્રાપ્તિના પ્રયત્નો થયા છે કહી સૌને વિચારતા કરી મૂક્યા હતા. તેમણે જ્ઞાનપ્રાપ્તિ માટે સેવા, શ્રધ્ધા અને પુરુષ પ્રયત્ન એ ત્રણે જરૂરી છે એમ કહી સેવા ભાગવત ધર્મના સંબંધ યુક્ત હોય તે ઉપર ભાર મૂક્યો હતો.



૬. 'સંતોએ ભગવાન સુધી પહોંચાડતો સેતુ' વિષયની માંડણી કરતાં વક્તાશ્રી શા. સ્વામી શૌનકમુનિદાસજીએ વચનામૃત પ્ર.પ્ર.૫૪મું ટાંક્યું હતું. એ વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીના પ્રશ્ના ઉત્તરમાં શ્રીજી મહારાજે સ્પષ્ટ કહ્યું છે કે, 'સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભગવાનની ભક્તિ તેણે મુક્તિ એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે. અને વળી જીવને મોક્ષનું દ્વાર પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે.' આજ વિચારનું સમર્થન કરતો માતા દેવહુતિને કપિલ ભગવાને કહેલ શ્લોક પણ વક્તાએ યાદ કર્યો હતો. સાધુ વિના કોઈ ભગવાન સુધી પહોંચતું નથી.

એમ બળપૂર્વક વિધાન કરી ધ્રુવજી, નારદજી, મુક્તાનંદ-રામાનંદથી માંડી વિવેકાનંદ-રામકૃષ્ણ પરમહંસ સુધીના શિષ્ય-ગુરુના દૃષ્ટાંતો આપ્યા હતા.



૭. 'સાચું સુખ સમજણમાં' રહેલું છે એ વિષય ઉપર બોલતાં શા. સ્વામી દેવવિહારીદાસજીએ જનકરાજા, ચિત્રકેતુ રાજા, ભતૃહરિ-ગોપીચંદથી માંડી નેનપુરના દેવજી ભગત સુધીના સાચી સમજણ ધરાવતા મહાનુભાવોને યાદ કર્યા હતા. કારિયાણી ૧૦માં વચનામૃતને 'જેની સમજણ મોટી તે મોટો'ના એ સૂત્રને દૃઢ કરાયું હતું.



૮. 'મા-બાપ એ જીવનમૂર્તિ' વિષય ઉપર શા. સ્વામી હરિપ્રસાદદાસજીએ જીવન ઘડતરમાં મા-બાપના મહત્ત્વના ફાળાની વાત કરી મા-બાપની વર્તમાન સ્થિતિ સુખદાયી બને એ જોવાની સૌને અપીલ કરી હતી. વળી માતા-પિતાની જીવનપર્યંત સેવા કરવાની શિક્ષાપત્રીમાં મહારાજે કરેલી આજ્ઞાની યાદ અપાવી હતી. નારદજીના પૂર્વજીવનની કથા અને ગઢપુરના પુંડરિકનું દૃષ્ટાંત આપી મા-બાપને જીવનતીર્થ સમજવા ઉપર ભાર મૂક્યો હતો.



૯. 'જીવનનું લક્ષ્ય મોક્ષપ્રાપ્તિ' વિષયના પ્રારંભે જ વક્તા શા. સ્વામી શુકમુનિદાસજીએ જણાવ્યું કે જીવી તો બધા જાય છે. પરંતુ લક્ષ્ય ધાર્યું છે કે નહિ તે ખબર હોતી નથી. અને પછી ઉમેર્યું કે લક્ષ્ય મોટું રાખવું કે તે પ્રાપ્ત કર્યા પછી કાંઈ કરવું રહે નહિ. સત્સંગીએ મોક્ષનું લક્ષ્ય રાખવું. ગુણાતીતાનંદ સ્વામીની વાત અહીં બહુ જ રીતે યાદ કરી : 'કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો. તે કદાપી કરોડ કામ સુધર્યા ને એક મોક્ષ બગાડ્યો તો તેમાં શું કર્યું ?' વચનામૃતમાં આપેલ મોક્ષપ્રાપ્તિના ઉપાયોની વાત કરી. મોક્ષપ્રાપ્તિ માટેની પાત્રતા કેળવવા ઉપર ભાર મૂક્યો હતો.



૧૦. 'ધર્માદાથી ધનને પવિત્ર કરીએ' વિષય ઉપર ખૂબ તૈયારી સાથેનું મૌલિક વક્તવ્ય શા. સ્વામી હરિસ્વરૂપદાસજીએ નિર્ભીકપણે રજૂ કર્યું. શિક્ષાપત્રીનો શ્લોક ટાંકીને કહ્યું કે આવકનો ૧૦/૨૦મો ભાગ કૃષ્ણાર્પણ કરવો. તે 'ભાગ' છે 'દાન' નહિ. ભગવાન આપણા ભાગીદાર (પાર્ટનર) છે. ધર્માદો ઈષ્ટદેવને જ અપાય. મંદિરો દેવોની મિલકત (પ્રોપર્ટી) છે. આપણે તો સેવકમાત્ર છીએ. કહી નવા મંદિરની નિર્માણમાં આપેલી રકમ ધર્માદો ન જ ગણાય. ધર્માદાની આવકમાંથી થાળ પણ ન થાય. રસોઈ અને ધોતિયાં એ ધર્માદો નથી વગેરે નિયમો બતાવી દાન અને ધર્માદા વચ્ચેનો ફરક સ્પષ્ટ કર્યો હતો.



૧૧. 'પુરુષાર્થથી ઘડાય પ્રારબ્ધ' વિષે વ્યાખ્યાન કરતા કોઠારી પાર્ષદ ખીમજી ભગતે પુરુષાર્થ એટલે મહેનત. મહેનત અને મહેનત એવો અર્થ સ્પષ્ટ કર્યો હતો. સાથે મુસોબિની કાર્પેન્ટર, રોમના ભિખારીઓ, થોમસ આલ્વા એડીસન, રાઈટ બ્રધર્સ વગેરેના દૃષ્ટાંતો આપી વક્તવ્યને માહિતીપ્રદ બનાવ્યું હતું. ભગીરથ ત્રીજી પેઢીએ ગંગાવતરણ કરાવી શકેલા એ પ્રાચીન ઉદાહરણ આપી. અત્યારની ટેકનોલોજી પણ પુરુષાર્થનું ફળ છે. વળી સત્સંગના ઉત્કર્ષમાં નંદ સંતોનો પુરુષાર્થ છૂપાયેલો છે જણાવી પુરુષાર્થની સફળતા માટે ધર્મની, કાર્યપધ્ધતિ, પ્રતિબધ્ધતા વગેરેનું મહત્ત્વ દર્શાવ્યું હતું.



૧૨. 'શું વિદેશમાં રહી ધર્મ ન પાળી શકાય ?' વિષે વક્તા શા. સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ ધર્મની દૃઢતા હોય તો તમે તેને જરૂર અનુસરી શકો છો કહી વિદેશમાં રહીને પણ ધર્મ પાળી શકાય તે વાત લઈ નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટાંતો આપી આ લોકોએ કેવા સંજોગોમાં પોતાના વ્રત-નિયમો ટકાવી રાખી વિદેશમાં વિચરણ કરી શક્યા તે સમજાવ્યું હતું. રાજકોટના માવજીભાઈ કડિયાનું ધર્મપાલન આર્થિક પાસું કેલું પલટી ગયું તેની વાત કરી.



૧૩. 'સુખની શોધ (**Search of Happiness**)' વિષે કેન્યાની સ્થાનિક સ્વાહિલી ઉપરાંત અંગ્રેજી, ગુજરાતી, હિન્દી ભાષાઓમાં શા. સ્વામી બ્રહ્મમુનિદાસજીએ સદૃષ્ટાંત રજૂ કરેલ. સફળતા માત્ર ભણતરમાં કે પૈસામાં નથી. સુખની શોધમાં આપઘાતો થાય છે એ વિષે ચિંતા બતાવી ઈશ્વરપ્રાપ્તિમાં સાચું સુખ રહેલું છે તે વાત દૃઢ કરી હતી.

# સત્સંગ સર વાણીનો સુદૃઢ શુભારંભ - ભવ્ય ઉદ્‌ઘાટનો

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપા, આચાર્ય મહારાજશ્રી તથા ધર્મકુળ પરિવાર તેમજ બ્રહ્મનિષ્ઠ સંતોના આશીર્વાદ, શ્રીજીને સમર્પિત દાનવીર દાતા હરિભક્તોની આર્થિક સહયોગ-સેવા, સદૈવ સેવારત હરિભક્તોના પુરુષાર્થ અને પરિશ્રમ તેમજ ઉત્સાહથી થનગનતા નામી-અનામી સેવક હરિભક્તોની વિભિન્ન સેવાઓના પરિપાક રૂપે શ્રીનરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ, નૈરોબી અંતર્ગત જે જે ભવ્ય ઉદ્‌ઘાટનો થયા તેની આછી ઝલક પ્રસ્તુત છે.





















DSQUARED









# ફુવારા ઉદ્‌ઘાટન

તા. ૪ ઓગસ્ટના દિને સંધ્યા આરતીબાદ મંદિરના પ્રાંગણમાં આવેલ ફુવારાઓ તથા મંદિરના ઘૂમ્મટો, પરિસરની દીવાલો ઉપર પાથરવામાં આવેલ ઈલેક્ટ્રીક રોશનીનું ઉદ્‌ઘાટન રિમોટ-કંટ્રોલ દ્વારા પ.પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ કર્યું. રંગબેરંગી, સીધીરેખામાં, વર્તુળાકારે, ઝીકઝાક આકારે ઝબૂકતી રોશની નિહાળવામાં હરિભક્તોની ભારે ભીડ જામી હતી. ફુવારાઓનું પાણી નિત્ય બદલતી રોશનીમાં રંગ બદલતું. લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. પૂરા મહોત્સવની રાત્રિઓ આ રોશનીથી ઝગામગાં થતી રહી, હૈયામાં પણ ભક્તિના અજવાળા પાથરતી હતી.







# પ્રદર્શન

પ્રદર્શન એ લોક શિક્ષણનું માધ્યમ છે. ધાર્મિક પ્રદર્શન લોકોને ધર્માભિમુખ કરવા માટેનું ઉત્તમ સાધન છે. આ બાબતને ધ્યાનમાં લઈ ઉત્સવના આયોજકો દ્વારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરિત્રોનું પ્રદર્શન તા. ૩૧ જુલાઈના રોજ હરિભક્તો માટે  ખુલ્લું મૂકવામાં આવ્યું. બાલ ઘનશ્યામ મહારાજની લીલાઓ, નીલકંઠવર્ણી સ્વરૂપના વન વિચરણના લીલા ચરિત્રોની પ્રતિકૃતિઓ મુખ્ય હતી. શ્રીજી મહારાજના જીવનના મુખ્ય પ્રસંગોને પણ આકર્ષક બેકગ્રાઉન્ડમાં પ્રદર્શિત કરવામાં આવેલ.મંદિરોના મોડેલ પણ ગોઠવવામાં આવેલ. પ્રકાશ ધ્વનિના સહાયતાથી જે-તે પ્રસંગોને ઊઠાવ આપવામાં આવેલ. નિહાળવામાં દોઢ-બે કલાક લાગે એટલું પ્રદર્શન દીર્ઘ અને આકર્ષક હતું. પુ. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, પુ. સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, પુ. સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી અને પુ. સ્વામી બદ્રીશ્વરદાસજી આદિ સંતોનું માર્ગદર્શન અને પ.ભ. દેવશીભાઈ જેઠા હીરાણી, પ.ભ. સામજીભાઈ જાદવા હાલાઈ આદિ યુવાનોનો પરિશ્રમ દેખાઈ આવતો હતો.



















# શોભાયાત્રા - નગરયાત્રા

શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવને અનુલક્ષીને કરવામાં આવેલા વિવિધ આયોજનો પૈકીનું ભવ્યાતિભવ્ય અદ્વિતીય આયોજન હતું તા. ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૬ શનિવારે યોજવામાં આવેલ શ્રીઠાકોરજીની દિવ્ય શોભાયાત્રા. વિદેશની ભૂમિ પર આપણા દેશની સંસ્કૃતિ, સંસ્કાર અને સાંપ્રદાયિક પ્રણાલિકાને ઉજાગર કરતી આ શોભાયાત્રા સીમાચિહ્ન રૂપ રહી.

જગતના વિવિધ દેશ-પ્રદેશથી હજારોની સંખ્યામાં પધારેલા હરિભક્તોના આ ભક્તિ મિલનમાં આત્મીયતા અને એખલાસના અહેસાસે વિશ્વબંધુત્વની ભાવનાને વાચા આપી હતી. સાડા છ કિ.મી. લાંબીયાત્રામાં ભક્તિરસમાં તરબોળ થયેલા હરિભક્તોમાં એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો. હરિભક્તોનાં હૈયામાં હર્ષ અને હેત હિલોળા લેતા હતા. તેમની એક આંખમાં ભક્તિની ચમક તો બીજી આંખમાં નિષ્ઠાપૂર્વકનો સમર્પણભાવ દૃષ્ટિગોચર થતો હતો. જ્યારે ઈશ્વર આરાધના કરતાં કરતાં પ્રભુ પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમભાવ પ્રગટ થાય છે ત્યારે તન-મનનું ભાન નથી રહેતુ, તે તો બસ પ્રભુમય બની જાય છે. શ્રીઠાકોરજીની આ નગરયાત્રામાં પણ કંઈક આવી બાબત જોવા મળી. આ અનમોલ અવસરને મન મૂકીને માણી લેવા હરિભક્તો જગતનિયંતા શ્રી સ્વામિનારાયણ ભગવાન સમક્ષ નાના નિર્દોષ બાળકની જેમ ગુલતાન બની ઝૂમી રહ્યા હતા, તેમના શ્વાસેશ્વાસમાં શ્રીજી ભક્તિની મહેક સમાયેલી હતી, તેમના રોમેરોમમાંથી ભક્તિરસ ટપકતો હતો. અનાયાસે 'તન કે તંબૂરે મેં તો સાંસોં કે તાર બોલે જય રાધે શ્યામ શ્યામ, જય ઘનશ્યામ...' સ્મરણ થઈ જતું. આનંદના ઉત્સાહપૂર્વક આહ્‌લાદના કારણે હરિભક્તોનાં મન મોર બનીને થનગનાટ કરી રહ્યા હતા. અને કેમ ન હોય ? આ દ્વિતીય અજોડ શોભાયાત્રામાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદ મહારાજશ્રી, ધર્મકુળ પરિવાર, સહજાનંદ સ્વામી સાથે સતત જોડી રાખી સત્સંગમાં સુદૃઢતાના પ્રેરક પ્રાતઃસ્મરણીય પ.પૂ. સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સદૈવ વંદનીય વડીલ સંતો અને સંનિષ્ઠ હરિભક્તો પણ આ નગરયાત્રામાં દર્શન આપી રહ્યા હતા.











પુ. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, પુ. સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, પુ. સ્વામી ઘનશ્યામચરણદાસજી અને પુ. સ્વામી બદ્રીશ્વરદાસજી જેવા સંતોના સૂઝસભર માર્ગદર્શન હેઠળ હરિભક્તો પ.ભ. દેવશીભાઈ જેઠા હિરાણી અને પ.ભ. શામજીભાઈ જાદવા હાલાઈએ નગરયાત્રાના મુખ્ય માર્ગદર્શક તરીકે રહીને સ્વયંસેવકો અને નગરયાત્રાના વ્યવસ્થાપકોને નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

અદ્‌ભુત, અદ્વિતીય, અનુપમ, અજોડ, અકલ્પનીય ! નગરયાત્રા માટે ક્યા વિશેષણનો પ્રયોગ કરવો ? કોઈ પણ માંગલિક સત્કાર્યનો પ્રારંભ વાજતે-ગાજતે થવો જોઈએ એ ન્યાયે નગરયાત્રામાં મોખરે 'ઢોલ શો' દ્વારા ધ્રીબાંગ ધ્રીબાંગની જાશભેર જોરદાર ધ્વનિથી ધરા ધ્રૂજી ઊઠતી હતી !

સનાતન ધર્મનું પાવનકારી અતિ પવિત્ર સ્થળ એટલે મંદિર. શોભાયાત્રામાં કાષ્ઠ મંદિર (વુડન ટેમ્પલ) તેમજ ભગવાન શ્રીજગન્નાથનો શણગારેલો રથ, હિંડોળામાં ઝુલતા શ્રીઠાકોરજીનાં દર્શન, સત્સંગ સભા (કિસુમુ), લક્ષ્મીવાડી સમાન બગીચો (ઉરુહુ), ભારતની ભવ્યતા સમો લાલ કિલ્લો, ભાતીગળ ભોમકાની સાદગીના પ્રતીક સમું ગામડું (મોમ્બાસા), થર્મોકોલમાંથી નિર્મિત રથ તેમજ મોર, અર્જુન રથ, ટ્રેન (પૂર્વ આફ્રિકા), થનગનતી માણકી ઘોડી, મહારાજની પાલખી તેમજ મહારાજશ્રીનો રથ, ટ્રેઈલરમાં ઊભી કરેલી ખેતીવાડી તેમજ બાળકો(**KIDS**)ના ટ્રેઈલર વગેરે એકબીજાથી ચડિયાતા કલાત્મક કારીગીરીની કલાકૃત્તિનો પરિચય કરાવતા ફ્લોટ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની શોભાયાત્રા હોય અને તેમાં ભજન મંડળીઓ ન હોય તેવું બંને ખરું ? પાણીદાર પટેલો પાઘડી સાથેના પરંપરાગત પહેરવેશ પરિધાન કરી પ્રભુ પ્રત્યેની પ્રીતિ પ્રગટ કરવા ભજન-કીર્તનની રમઝટ બોલાવતી મંડળીઓ રચીને કીર્તનીઆ હરિભક્તોની પરંપરા દર્શાવતા હતા. માધાપર, બળદીયા(બે મંડળીઓ), ભુજ, મોમ્બાસાની મંડળી અને લેઝીમ દાવ તેમજ તાબાના લેઝીમ દાવમાં લીન થયેલા હરિભક્તોના ચહેરા પર શ્રીજીને સમર્પિત થયાનો ભાવ હૃદયસ્પર્શી હતો. શ્રી સ્વામિનારાયણ ભગવાનના ગગનભેદી જયઘોષની સાથેસાથ રાજા મહારાજાની શોભાયાત્રાથી પણ ચડિયાતી આ તો અખિલ બ્રહ્માંડોના અધિપતિ રાજાધિરાજ શ્રીજી મહારાજની આ નગરયાત્રામાં સંગીતની સૂરાવલિઓ રેલાવતી એલ્ડોરેટ, મોમ્બાસા, પૂર્વ આફ્રિકા અને તાબાની બેન્ડ પાર્ટીઓ અને તેમાંય તાબાની મહિલા બેન્ડપાર્ટીએ અનેરું આહ્‌લાદક વાતાવરણ નિર્મિત કર્યું હતું.

વિદેશની ધરતી પર આટલી ભવ્યાતિભવ્ય નગરયાત્રા અગાઉ કોઈ પણ સંપ્રદાય દ્વારા યોજાઈ હોય તેવું નોંધાયું નથી. આ અવિસ્મરણીય નગર યાત્રાના સંસ્મરણો હરિભક્તોનાં હૈયામાં અમીટ છાપ ઊભી કરીને ચિરકાલીન રહેશે.










































# પુસ્તકો, C.D., Apps

હરિભક્તો નિરાંતની પળોમાં ઘેર બેઠા સત્સંગ લક્ષી જ્ઞાન પ્રાપ્ત કરી શકે એ હેતુ સહ સંતોના માર્ગદર્શન હેઠળ વિવિધ પુસ્તકો, **C.D.** તથા **Apps**નું પ્રકાશન ભુજ મંદિર દ્વારા  કરવામાં આવેલ. લંગાટા મંદિર મહોત્સવ દરમ્યાન આ નૂતન પ્રકાશનોનું વિમોચન પૂ. મહંત સ્વામી તથા સદ્‌ગુરુ સંતોના કરકમળોથી કરાવવામાં આવેલ. જે અંતર્ગત ૧. ભગવાન શ્રીસ્વામિનારાયણ, ૨. સંધ્યાકાલિન નિત્ય નિયમો, ૩. વચનામૃત શબ્દકોશ, ૪. વેદથી વચનામૃત,  ૫. વાંચનમાળા(ઈંગ્લિશ ટ્રાન્સલેશન) તથા ચિલ્ડ્રન પઝલ્સ(છ આઈટેમ)નું વિમોચન થયું. આ ઉપરાંત ઉદાર હરિભક્તોના દાન થકી તાબાના શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નાઈરોબીના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર મહોત્સવ -સોવિનિયર ૨૦૧૬, **Sevana Pushpo** પ્રકાશનોનું વિમોચન થયું.































Satsangi Jeevan for Children
શ્રીહરિવિચરણ
વેદથી વચનામૃત
સંધ્યાકાલીન નિત્ય નિયમો
ભગવાન શ્રી સ્વામિનારાયણ







ભુજ
મંદિર


તિલક - ચાંદલો


શિખર


ચરણારવિંદ


છત્રી




હે પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ
Audio
Album


જાગો લાલ
(પ્રભાતિયા)
Audio
Album


મારા શામળીયા
Audio
Album


હે પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ
Audio
Album




## યુવામંચ

પ્રવર્તમાન સમય યુવાધનને સન્માર્ગે વાળવાનો છે. આત્મીયભાવની માત્ર વાતો નહિ, પરંતુ આત્મીય બનીને સત્સંગી યુવાનોની ચિંતા કરી તેમની સંભાળ લેનારા ભુજ મંદિરના યુવક મંડળના સંતોએ આ મહોત્સવ દરમ્યાન તા. ૨ ઓગસ્ટના ‘યુવામંચ’નો કાર્યક્રમ આયોજિત કરેલ. મનની એકાગ્રતા માટે સૌ પ્રથમ સ્લાઈડ-શોનું નિદર્શન કરી સભાને મંત્રમુગ્ધ કરી હતી. જીવનમાં મનોરંજન રેખા સ્વાદરેખાની આવશ્યકતા પર ગુજરાતી, કચ્છી, અંગ્રેજી સ્થાનિક સ્વાહિલી ભાષામાં મનનીય વાતો રજૂ કરવામાં આવી. જેમાં દેશ-વિદેશના દૃષ્ટાંતો રજૂ થયાં. યુવા પેઢીને પ્રેરણા આપીને કઈ રીતે સંયમના માર્ગે લાવી શકાય ? તે ગુરુભાવે ક્વચિત સખાભાવે રજૂ કરીને સંતોએ ધર્મના દર્શન કરાવ્યા. આર્ષદૃષ્ટા સંતોએ યુવાનો સામાજિક દૂષણોના ભોગ ન બનો, તે માટે જાણપણું રાખવા ચેતવ્યા. આધુનિક સાધનોનો ગેરઉપયોગ, વ્યસનો, કુસંગ વગેરેથી બચવા માટે સત્સંગ કઈ રીતે ઉપયોગી છે, તે ખૂબ ધીરજપૂર્વક સમજાવ્યું હતું. વ્યવસાયની વ્યસ્તતાની વચ્ચે પણ ધર્મ-અધ્યાત્મના માર્ગે કેમ ચાલવું ? કેમ આગળ વધતા રહેવું ? તે માટે સંતોનો આ પ્રયત્નને ફળ આવવાના શરૂ પણ થયા છે. યુવાનો નિષ્કપટ ભાવે ધૂમ્રપાનના કે ગુટખાના તથા તેમાંથી કઈ રીતે છૂટકારો મેળવ્યો ? તેની વાતો જાહેરમાં કરવા લાગ્યા છે.

સ્વામી પરમહંસદાસજીએ સત્સંગીઓને વ્યક્તિગત રીતે તેમજ સમગ્ર સત્સંગ સમાજને તેમની નિષ્ઠા પક્ષ અને ઉપાસનામાં કોઈ વિક્ષેપ, ખામી, ગેરસમજણ વગેરે નુકસાન ન કરી બેસે એ બાબતે ખૂબ જ લોકભોગ્ય, સ્પષ્ટ, સરળ ભાષામાં લાલબત્તી ધરી. હું કોણ ? અને કોનો ? એ બાબતની વિશદપણે તર્કસંગત છાણાવટ કરી હતી. હું શ્રીનરનારાયણદેવનો અને શ્રીનરનારાયણદેવનો એ મારો આવી ભાવના દ્રઢ કરાવી હતી.

યુવામંચ કશું નવું પામ્યાનો અહેસાસ યુવાનોના ચહેરાઓ ઉપર દેખાઈ આવતો હતો.







# રાત્રિઓને અજવાળતાં સાંસ્કૃતિક કાર્યક્રમો


મહોત્સવ દરમ્યાન દિવસભર ચાલતા કાર્યક્રમોમાં વ્યસ્ત દોડાદોડી કરતા સંતો, હરિભક્તો, સ્વયંસેવકો થાક અનુભવે એ સ્વાભાવિક છે. તેમના આ થાકને દૂર કરી તન-મનથી સ્ફૂર્તિમય બનાવવા માટે રાત્રિ-કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. એકાદ અપવાદને બાદ કરતાં બધા જ સાંસ્કૃતિક કાર્યક્રમો રાત્રિના ૮:૩૦ થી ૧૦:૩૦ દરમ્યાન યોજાયેલા. જેમાં કિશોર-યુવાન વયના ભાઈઓ, બહેનોને અને સંતોએ અલગ અલગ દિવસે એ યોજાતા કાર્યક્રમો આપી, તેમનામાં રહેલ વિવિધ કલાકૌશલ્યનાં દર્શન કરાવ્યાં હતાં.

આફ્રિકાના ગગનમાં ધર્મ-ભક્તિની ધ્વજા ફરકતી રાખવા યોજાયેલ આ નૂતન મંદિર મહોત્સવના પ્રથમ સાંસ્કૃતિક કાર્યક્રમનો વિષય છે : ધર્મ-ભક્તિ પરિસંવાદ (શાસ્ત્રાર્થ)

તા. ૫-૮-૨૦૧૬ (૮:૦૦ થી ૧૦:૦૦)

શાસ્ત્રાર્થ એ ધર્મસંબંધી મૂળભૂત સત્ય તરફ જવાનો રસ્તો છે. શાસ્ત્રાર્થ દ્વારા વિદ્વાનોથી માંડી શ્રોતાજનો સૌને જ્ઞાન પ્રાપ્તિ થાય છે. જ્ઞાન પ્રાપ્તિના ઉદ્દેશ સાથે તા. ૫ ઓગસ્ટના રાત્રે ભુજ મંદિરના યુવા સંતોનો શાસ્ત્રાર્થ (ડિબેટ)નો કાર્યક્રમ રાખવામાં આવેલ. વિષય હતો : ધર્મ ચઢે કે ભક્તિ ? પૂ. સ્વામી અક્ષરમુનિદાસજીના સંચાલન હેઠળ ચાર-ચાર સંતો અનુક્રમે ધર્મ પક્ષ તથા ભક્તિ પક્ષમાં વહેંચાઈ ગયા. શ્રોતાગણમાં ઉપસ્થિત સંતો તથા હરિભક્તોને પણ પોતાના ગમતા પક્ષમાં સ્થાન લઈ લેવાનો અનુરોધ કરવામાં આવ્યો. સૌમાં ઉત્સાહનો સંચાર થયો. ધર્મ પક્ષના સંતો શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, શા. સ્વામી શ્રીરંગદાસજી, શા. સ્વામી વ્રજવિહારીદાસજી, શા. સ્વામી રાઘવમુનિદાસજી તથા ભક્તિ પક્ષના સંતો શા. સ્વામી પ્રેમવલ્લભદાસજી, શા. સ્વામી આનંદવલ્લભદાસજી, શા. સ્વામી કુંજવિહારીદાસજી, શા. સ્વામી મુરલીમનોહરદાસજી.

એ ક્રમાનુસાર પોતાનો પક્ષ સાચો હોવાથી દલીલો શરૂ કરી.વચનામૃત, શિક્ષાપત્રી, સંપ્રદાયના અન્ય ગ્રંથો ઉપરાંત વેદ, ઉપનિષદ, પુરાણ, ભગવદ્ગીતા તથા સંતવાણીના આધારો લઈ બંને પક્ષના સંતો પોતપોતાનો પક્ષ મજબૂત અને સાચો ઠેરવતા જતા હતા. આ સમયે જે-તે પક્ષના સંતો તથા શ્રોતાઓ તાળીઓથી પોતાના પક્ષને વધાવી લેતા હતા. ગુજરાતી ભાષામાં ચાલતા આ શાસ્ત્રાર્થ દરમ્યાન હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, કચ્છી ઉપરાંત સ્વાહિલી ભાષામાં પણ જે-તે ભાષાના જાણકાર સંતો પોતાની વાત રજૂ કરી સામેના પક્ષને પરાસ્ત અને શ્રોતાઓને હર્ષાન્વિત કરવાનો પ્રયત્ન કરતા નજરે પડતા હતા.













ગંભીરતા, આક્રોશ, હાસ્ય જેવા ભાવો સાથે ચાલતા આ શાસ્ત્રાર્થનું પાન કરવામાં ઘડિયાળના કાંટા ક્યાં પહોંચ્યા એ જોવાનું પણ કોઈને ભાન રહ્યું નહિ. ધર્મ અને ભક્તિના આ મીઠા ઝઘડામાં કોણ સાચું ? એ પ્રશ્ન હજુ અધ્ધર જ રહેવાનો હતો. કોઈ ઝૂકવા તૈયાર નહોતું. આખરે સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજીએ નિર્ણય આપતાં કહ્યું : 'ધર્મ અને ભક્તિ એ એકજ સિક્કાની બંને બાજુ છે.'‘‘ધર્મ અને ભક્તિ એક બીજાના પૂરક છે' કહી બંને પક્ષના સંતોને અને વિદ્વાનોને ધર્મ-ભક્તિની ટૂંકી સમજ આપી હતી.

તા. ૬ ઓગસ્ટની બપોરે નાઈરોબી સિવાયના અન્ય મંદિર-સંલગ્ન મહિલા હરિભક્તોનો સંસ્કૃતિક કાર્યક્રમ હતો. જે અંતર્ગત 'હાલે ઝૂલે નવલ...' રાસ (શ્રી સ્વામિનારાયણ મંદિર-નકુરુ), મધુવનમાં વાગે વાંસળી.... ગરબો, વ્રજજન ગિરધારી-હોળી ગીત રાસ, રંગલા-રંગલી ભવાઈ તથા યોગાસનો (ભુજ શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર) તથા બે રિ-મિક્ષ રાસ (શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર - મોમ્બાસા) દ્વારા રજૂ કરવામાં આવેલ.

૬ ઓગસ્ટની રાત્રિએ નાઈરોબીના તથા અન્ય મંદિરોના હરિભક્ત ભાઈઓ તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. આ કાર્યક્રમનો પ્રારંભ કેન્યાના કલાકારો સૌ પ્રથમ કેન્યન રાષ્ટ્રગીત ગાઈ 'હો નવરંગી ગ્વાલિની ગોરી(ક્વાલી)', સંતાનને ભૂલશો નહિ(રૂપક), બાળ સંસ્કારો (પ્રશ્નોત્તરી) તથા યોગાસનો રજૂ કરેલા. છોગલું જોવું (રાસ) મોમ્બાસા, મંગલમૂર્તિ મધુરી(નૃત્ય) -ઈસ્ટ આફ્રિકા સત્સંગ શ્રી સ્વામિનારાયણ મંદિર નાઈરોબી તથા વ્યસન અને ફેશન (રૂપક) - શ્રી સ્વામિનારાયણ મંદિર, પર્થ (ઓસ્ટ્રેલીયા)ના હરિભક્તોએ રજૂ કરેલ.




### તા. ૭ ઓગસ્ટ : મહારાસોત્સવ :

શ્રીજી મહારાજ ભક્તિ રાસના રસિક હતા. 'રસિયો રાસ રમે' શબ્દો સાંભળતાની સાથે સંતો સાથે રાસ રમતા શ્રીજી મહારાજની છબિ આપણને પ્રત્યક્ષ થતી લાગે છે. રાસોત્સવની આ પરંપરાને ભુજ મંદિરે પ્રથમથી જાળવી રાખી છે. આછા ક્રીમ કલરના વસ્ત્રોમાં શોભતા હરિભક્તો ભગવાધારી સંતોની સાથે રાસમાં જોડાયા હતા. એ દૃશ્ય ચિર સ્મરણીય બની રહે એવું હતું. સૌને રાસનું આકર્ષણ એટલું બધું હતું કે મંદિરની જગ્યા ટૂંકી પડવા લાગી હતી ! જીવાત્માના પરમાત્મા સાથેના મિલનરૂપ આ રાસ ભાઈઓની માફક બહેનોના વિભાગમાં યોજાયો હતો. મહિલા હરિભક્તોએ પોતાના વિભાગમાં રાસોત્સવ કર્યો હતો. રાસની ચરમસીમાએ હરિભક્તો બબ્બેની જોડીમાં ફેરફુદડી લઈ રાસનો આનંદ લૂંટ્યો હતો.

તા.૮ ઓગસ્ટની રાત્રિ નાઈરોબીના સ્થાનિક મહિલા કલાકારોએ ગૂંજતી કરી. જેમાં ભારતીય તથા કેન્યાના રાષ્ટ્રગીત પૂરા આદર સાથે રજૂ થયા. 'પૂજન કરીએ આજે ધર્મકુંવરનું' - પ્રાર્થનાની પ્રસ્તુતિ બાદ 'મૂંઝા મેરામ સહજાનંદજી, કોઈ દેખાડો ઘનશ્યામ, શરદ પૂનમની રજની, ગોપી બની ગયા ગિરધારીએ ચાર રાસથી સૌ ભક્તિરસમાં તરબોળ થયા.' આ રાસોની વચ્ચે રજૂ થયેલ ત્રણ રૂપકો સૌના આકર્ષણરૂપ બન્યા નારી તુ નારાયણી, ધન્ય ધન્ય સહજાનંદી નારી તથા ગોપી બની ગયા ગિરધારી રૂપકોમાં સ્ત્રીમાં રહેલ સમર્પણની સાથે સામર્થ્યના ગુણનો સૌને પરિચય થયો.

### તા. ૧૦ ઓગસ્ટ : ભજન સંધ્યા :

દીપક વિન્યાના મંદિરીઆ સૂના,
ઓલો રૂદિયો સૂનો હરિના ભજન વિના;





કીર્તન-ભજન ભક્તિ શ્રીહરિને વહાલી હતી. નંદ સંતો રચિત કીર્તનાવલિઓ સત્સંગનું પ્રેરક બળ છે. સંતો દ્વારા પ્રસ્તુત લંગાટા મંદિરની ભજન સંધ્યાએ સત્સંગીઓને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. રસિક પિયા ઘનશ્યામ, વોહૈ દુઃખ કે નિવારણ! ભાગ્ય મારા જાગ્યા રે ! કોટિ થયા કલ્યાણ, સહજાનંદ સ્વામી અંતર્યામી જેવા કીર્તનોથી હરિરસની હેલી વર્ષી હતી. સંગીતના સથવારે ચાલેલી આ ભજન સંધ્યાએ શ્રમિક સ્વયંસેવક હરિભક્તોનો થાક ઉતારી તન-મનમાં આનંદની અનુભૂતિ કરાવી ગઈ.

બાલિકા મંચ : ૧૧ ઓગસ્ટ

નાઈરોબી સ્થાનિક તથા અન્ય વિસ્તારના મહિલાઓ દ્વારા પ્રસ્તુત થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ વૈવિધ્યપૂર્ણ હતો. 'બાલુડા અમે બાલુડા' નૃત્ય સ્થાનિક બાલિકાઓએ રજૂ કરી મન મોહી લીધા આ ઉપરાંત સ્થાનિક કલાકારોએ સંતાનનું ઘડતર (રૂપક), વંદે માતરમ્ (નૃત્ય), નો ટાઈમ(રૂપક), મહામુક્ત ધનબાઈ ફઈ(રૂપક), મનડે ભાવી રે !(રિમિક્ષ), કરીશું નિત્ય બહુ...(ક્વાલી) જેવી વિવિધતાપૂર્ણ કલાકૃતિઓ રજૂ કરેલી. ગણેશ આરતી - નૃત્ય(શ્રી સ્વામિનારાયણ









મંદિર કંપાલા - યુગાન્ડા), ઓરા આવોને સુંદર શ્યામ - રાસ(વેસ્ટ લેન્ડર્સ/પાર્ક લેન્ડ્સ) રિમિક્ષ રાસ (ઈસ્ટ આફ્રિકા સત્સંગ શ્રી સ્વામિનારાયણ મંદિર)એ સૌ રજૂઆતોએ સૌ દર્શકોને ડોલાવ્યા હતા.

### બાલમંચ : ૧૨ ઓગસ્ટ

સ્થાનિક બાળકો દ્વારા સમગ્ર કાર્યક્રમ રજૂ થયો જેમાં ભારત-કેન્યાના રાષ્ટ્રગીત ગાન બાદ ‘બદ્રીનાથ તુમ્હારી જય જય હો’ - આરતી નૃત્ય બાળકોએ કર્યું. ‘ભૂતકાળને ભૂલશો નહિ’ રૂપક મુશ્કેલીઓ વેઠીને આફ્રિકામાં પહોંચેલ હરિભક્તોની કહાણી છે. શ્રીજી મહારાજ અને સંતોના આશીર્વાદ થકી સંપન્ન થયેલા આજના હરિભક્તોના પૂર્વજોએ પોતાના સમયમાં કેવો દારુણ-પરિસ્થિતિ સહન કરી હતી. એની ગાથા રોમાંચક રીતે રજૂ થઈ. વહાણનું દૃશ્ય સૌને આકર્ષી ગયું. ‘સખી રે ઘનશ્યામ ઘોડલા’ (નૃત્ય) કથા માટે સમય નથી (રૂપક) તથા તારે મોળિડે રે ગિરિધારી લાલ (રાસ), પંચદેવ (રાસ) રજૂ થયા.

રાત્રિના આ ભવ્ય આકર્ષક કાર્યક્રમોની સફળતા માટે શા. સ્વામી સંતસ્વરૂપદાસજી, શા. સ્વામી અક્ષરમુનિદાસજી, શા. સ્વામી પરબ્રહ્મજીવનજીવનદાસજી, શા. સ્વામી વિવેકમુનિદાસજી, શા. સ્વામી ભક્તિપ્રકાશદાસજી તથા પ.ભ. દિનેશભાઈ શિવજી હીરાણી અને પ.ભ. અશ્વિનભાઈ રવજી વરસાણીએ ખૂબ જહેમત ઉઠાવી હતી.











# પહેરામણી

મહોત્સવમાં જેમનું આર્થિક યોગદાન હતું. તેમને પણ પહેરામણી કરવામાં આવી હતી. ૫ હજારથી ૧૫ કરોડ સુધીના દાતાઓ તેમજ ઉત્સવ સાફલ્ય અર્થે તન-મનથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ આપ્યો હોય અને સેવા કરી હોય તે સૌને પણ યાદગીરી સ્વરૂપે પહેરામણી કરવામાં આવી હતી.

ઉત્સવની યાદગીરી રૂપે દેશ-વિદેશના મંદિરોને પણ  સ્મૃતિરૂપે પહેરામણી કરવામાં આવી હતી.

પહેરામણીની સંપૂર્ણ વ્યવસ્થા સ.ગુ. પુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી બળદેવપ્રસાદદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, કોઠારી પાર્ષદ ખીમજી ભગત, શા.પાર્ષદ માવજી ભગતના માગદર્શન મુજબ પ.ભ. દેવશીભાઈ જેઠા હિરાણી, પ.ભ. ધીરજભાઈ માવજી રાબડીયા અને પ.ભ. રવિલાલ માવજી વેકરીયાની ટીમે સંતોષકારક રીતે સંભાળી હતી.














# પહેરામણી

















# પહેરામણી

















# પહેરામણી

















# પહેરામણી

















# પહેરામણી








## ઉતારા વ્યવસ્થા

દેશ વિદેશથી આવતા હરિભક્તો માટે ઉતારાની વ્યવસ્થા એ સૌથી જટીલ પ્રશ્ન હોય છે. પરંતુ મહોત્સવના દૂરંદેશી આયોજકોએ નૂતન શાળાના બહુમાળી મકાનમાં અલગ-અલગ રૂમોમાં સૌ હરિભક્તો ગાડીમાંથી ઉતરે કે તરત જ ઓફિસમાં બોલાવી રૂમ નંબર આપી દેતા હતા. પહેલા, બીજા, ત્રીજા માળે રહેવા રૂમોમાં પ્રત્યેક ૧૨ થી ૧૫ હરિભક્તોનો સમાવેશ થઈ શકે એવી સુચારૂ વ્યવસ્થા હતી. દરેકને ડનલોપના નવાનકોર ગાદલા-તકિયા અને રજાઈ આપવામાં આવેલ. સંડાશ-બાથરૂમની વ્યવસ્થા દરેક ફ્લોર ઉપર હતી જ. નહાવા માટે ત્રીજા માળે બાથરૂમ તથા લેટ્રીન હતા. કપડા સૂકાવવા માટે દોરીઓ બાંધવા સુધીની કાળજી સ્વયંસેવકોએ લીધેલી. ઉતારામાં આવેલ અન્ય દેશના હરિભક્તોને મોબાઈલનું સીમકાર્ડ તથા કેન્યાની કરન્સી પ્રાપ્ત થાય તેવી સગવડ સ્વયંસેવકો પ્રેમપૂર્વક નિભાવતા હતા. વળી પરત ફરતી વખતે કઈ ફ્લાઈટમાં જવાનું છે ? તેની માહિતી અને તે માટે વાહનની વ્યવસ્થા પણ ઉતારા વિભાગના સ્વયંસેવકો સંભાળતા હતા. ખૂબ પ્રેરણારૂપ સેવા હતી.

હરિભક્તોના આ ઉતારા અને સમગ્ર વાહનવ્યવહાર માટે પ.ભ. હીરજીભાઈ ખીમજી શીયાણી, પ.ભ.કિશોરભાઈ કુંરજી ગોરસીયા, પ.ભ. કુરજીભાઈ કલ્યાણ કેરાઈ, પ.ભ. હીરજીભાઈ પ્રેમજી વેકરીયા, પ.ભ. દેવશીભાઈ અરજણ કેરાઈએ ખડે પગે હાજર રહી સહયોગ આપ્યો હતો. એજ રીતે સંતોની ઉતારા વ્યવસ્થામાં જીતેશ કરશન રાઘવાણી તથા રવજીભાઈ વાલજી વેકરીયાએ સેવાઓ બજાવી હતી.



# ભોજન વ્યવસ્થા

તન માટે સુંદર ભોજન અને મન માટે ભજન હોય તો મહોત્સવ સફળતાપૂર્વક અને સુખરૂપ પસાર થાય. શ્રીહરિના ભજન-ભક્તિના આ કાર્યક્રમમાં ભોજન વ્યવસ્થાની પણ પૂરી કાળજી લેવામાં આવેલી. સવાર ૬:૩૦ થી ૭:૩૦ નાસ્તો, બપોરના ૧૧ થી ૧ દરમ્યાન અને સાંજે ૬ થી ૮ દરમ્યાન ભોજનની વ્યવસ્થા ખૂબ સુંદર રીતે પ્રાપ્ત થઈ રહી હતી. હરિભક્તોની ભીડને કારણે બપોરે અને સાંજે નિયત સમય કરતાં એક-બે કલાક મોડે સુધી ભોજનપ્રસાદ વિતરણ ચાલું રહેતું. છતાં રસોડા વિભાગના સ્વયંસેવકો થાક્યા વિના હસતામુખે સૌને ભોજન પીરસતા હતા. ભાઈઓ અને મહિલા હરિભક્તો માટે અલગ અલગ કાઉન્ટરો પૂરતા પ્રમાણમાં હતા. પ્રથમવાર સૌ થાળીમાં પીરસાવી પાંગતમાં બેસી જતા હતા. વડીલો તથા મહેમાન હરિભક્તો માટે ટેબલ-ખુરશી વ્યવસ્થા પણ  રાખવામાં આવેલ. ભોજન લીધા બાદ હરિભક્તો જાતે થાળી બહાર મૂકી વ્યવસ્થામાં સહાયરૂપ થતા હતા. વાનગીઓ પણ દરરોજ વિવિધતાપૂર્ણ સુપાચ્ય, સાત્ત્વિક અને (બગાડ ન થાય માટે) ખપ ખૂટતી હતી. અમર્યાદિત સંખ્યાને ધ્યાનમાં રાખી કાગળની ડીશો રાખવામાં આવેલ, તે યોગ્ય હતું. સવારના નાસ્તામાં ખાંડ વગરના ચા-દૂધની વ્યવસ્થા 'પ્રેમ એટલે કાળજી લેવી' સૂત્રને સાર્થક કરતી હતી. સ્વયંસેવકો 'સેવાધર્મ'ને સુંદર રીતે પાળી બતાવતા હતા. તા. ૪ થી ૧૩ ઓગસ્ટ સુધીના દશ દિવસો દરમ્યાન દરરોજ પ્રસાદનો લાભ લેનારા હરિભક્તો તરફ નજર નાંખીએ તો સરેરાશ સવારના નાસ્તામાં અંદાજિત ચાર હજાર, બપોરના ભોજન(લંચ)માં છ હજાર અને સાંજે ભોજન(ડીનર)માં દસ હજારની સંખ્યા રહેતી હતી. તા. ૧૩ નગરયાત્રાના દિવસે વિક્રમજનક સંખ્યા હતી. તે દિવસે નાસ્તામાં સાત હજાર, બપોરે દસ હજાર અને સાંજે સોળ હજારની સંખ્યામાં હરિભક્તોએ ભોજનવ્યવસ્થાનો લાભ લીધો હતો. આટલી મોટી સંખ્યામાં પહોંચી વળવા રસોઈ વિભાગમાં કામ કરતા કર્મચારી અને સ્વયંસેવક હરિભક્તોનો પુરુષાર્થ રહેલો હોય એ સ્વાભાવિક છે. ભોજન વિભાગમાં ઊડીને આંખે વળગે એવી સેવા કોઈની હોય તો મહિલા હરિભક્તોની હતી. વિવિધ ભાતના શાક સમારવાં, રોટલી/પૂરી વણવી, લાડુ વાળવા ઉપરાંત લીલા-સૂકા વિવિધ મસાલા કૂટવા, છીણવાં. પીસવા માટે વહેલી સવારથી રાત્રિના મોડે સુધી શરીરે એપ્રન, કેપ તથા હાથમોજા ધારણ કરેલી મહિલાઓએ સમયનો ભોગ આપી રસોડા વિભાગમાં સેવાઓ આપી સત્સંગ માટેના સમર્પણની સુંગધ પ્રસરાવતા રહી શ્રીજી મહારાજનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.














### પ.પૂ. ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ



"આજે હું પરિવાર તરીકે તમારી વચ્ચે આવ્યો છું. હેત છે, પ્રેમ છે, લાગણી છે, ભગવાન પ્રત્યેનું મહાત્મય,પોતાપણું એજ સત્સંગમાં મોટામાં મોટી મૂડી છે. અહીં ઘણાં ભક્તોની સેવા જોડાયેલી છે. મંદિરોની સેવા થાય છે, તેની મોટી કિંમત છે. કિંમત આંકડાની નથી, ભગવાનને અર્પણ કર્યું તેની છે. મંદિરો રૂપિયાથી થતા નથી, પણ નાનામાં નાના હરિભક્તોની ભાવનાથી ઊભા થાય છે તે બહુ અગત્યની વાત છે. સક્ષમ અગ્રણી હરિભક્તોએ ધનથી તો ખરી જ સાથે તનથી અને મનથી પણ સેવી કરી છે. આ સત્સંગ જાળવી રાખવાનો છે. જે આ મંદિરના દર્શન કરશે તેનું રૂડું થશે."

### પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ



"વિદેશમાં મહારાજની વિજયધજા ફરકાવી છે. તેનો યશ કચ્છના સત્સંગીઓને જાય છે. તેઓ સૌથી પહેલા આફ્રિકામાં આવ્યા. સર્વપ્રથમ સત્સંગના બીજ અહીં વવાયા. આ દેશમાં શ્રીજી મહારાજની કૃપા અને શ્રીનરનારાયણદેવની ઈચ્છાએ સત્સંગ ખૂબ ખૂબ વધતો જાય છે. એમાંય ભુજના સંતોની જે હૂંફ છે એ ખરેખર ધન્યવાદને પાત્ર છે. સંતોએ સત્સંગીઓને પોષણ આપ્યું છે. સાચી સમજ આપી છે. આથી સત્સંગનો બગીચો ફૂલો ફાલ્યો છે."

### પ.પૂ. લાલજી વજેન્દ્રપ્રસાદજી મહારાજ



"હરિભક્તોની મહેનતથી લંગાટા મંદિર ટૂંક સમયમાં તૈયાર થયું. એનો ગર્વ થાય છે. મંદિર એટલું રૂપાળું અને સુંદર કોતરણીવાળું છે કે જોઈને આનંદ થાય..બધું ભગવાનની ઈચ્છા પ્રમાણે થાય છે. એ સમજણ આવવી અઘરી છે. એવી સમજણ આવી જાય તો જીવન ધન્ય થઈ જાય... દેશ-વિદેશથી આવેલ હરિભક્તોએ સેવી કરી છે. તે ધન્યવાદને પાત્ર છે. મહારાજ આપને દર્શન દેશે. વધુને વધુ સત્સંગ કરાવશો, સુખિયા કરશે."

### બ્રહ્મનિષ્ઠ મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી



"અહીં મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે જે મહોત્સવ ઉજવાયો તેનું વર્ણન કરી શકાય તેમ નથી. દેશ-વિદેશથી સંતો-હરિભક્તો આવ્યા. મંદિરનો વિસ્તાર જોઈને સંતોષ થયો. ટૂંક સમયમાં આવું કામ કરવું એ ભગવાનની પ્રેરણા સિવાય કોઈ કરી શકે નહિ. મંદિરના બેજમેન્ટમાં પથ્થર કેટલો સખત હતો. હિંમત રાખીને બાર મહિના સુધી પથ્થર તોડ્યા. પછી મંદિરનું આયોજન કર્યું. આપણા સંપ્રદાયમાં આવું વિશાળ મંદિર ક્યાંય નથી. આ મંદિરના હરિભક્તોએ દરેક કાર્યમાં સંતને આગળ રાખીને, વચનમાં વિશ્વાસ રાખીને કાર્ય કર્યું. આ મંદિરની મૂર્તિઓના દર્શન કરશે તેમનું કલ્યાણ થઈ ચૂક્યું છે. પોણાબસો જેટલા સંતો અહીં આવ્યા. તેમના દર્શન કરીને જીવાત્માનું અવશ્ય કલ્યાણ થવાનું છે. વળી સંતોના કહેવાથી યુવાનો વ્યસન મુક્ત થયા. આ દેશનો સત્સંગ જોઈને એમને ખૂબ સંતોષ થયો છે."

### સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી



"મંદિરની રચના-બાંધકામ જોઈ આપણને તો અતિ આનંદ થાય છે. નાઈરોબીના હરિભક્તોએ કેટલી મહેનત કરી છે ! નાના-મોટા દરેક પૈસેથી સેવા કરે છે. તનથી પણ કરે છે. મૂર્તિપ્રતિષ્ઠાનો સામૈયો ઉજવાઈ રહ્યો છે. સાઠ-પાંસઠ વર્ષથી સત્સંગમાં છીએ પણ અમારી જિંદગીમાં આ સામૈયો નવીન છે ! બાઈઓ -ભાઈઓના વિશાળ મંદિર ! સુવિધામાં જે કંઈ જરૂરિયાત હોય તે બધું હરિભક્તોએ પૂરી કરી છે. વિદેશથી તો સૌ આવ્યા છે પણ કચ્છના ગામોગામથી હરિભક્તો આવ્યા છે. ભુજથી આટલા બધા સંતો આવ્યા છે ! આ શ્રીનરનારાયણદેવનો પ્રતાપ છે."

### સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત



"આ મંદિર ! આ ઉત્સવ ! એની શોભા ! એનો પાર નથી. કારણ કે આ શ્રીનરનારાયણદેવનો ઉત્સવ છે. તમે બધાએ સરસ સેવા કરી મંદિર એક એક ખૂણે જોઈએ ત્યાં એમ થાય કે અહો ! અહો ! એવી મૂર્તિઓ ! સિંહાસનો ! પંચદેવ ! રસોડામાં સેવા આપનારા સત્સંગી બહેનો અને ભાઈઓ આનંદમાં અને પ્રસાદ લેનારા પણ આનંદમાં ! મંદિરે અમને બોલાવ્યા, રાખ્યા, જમાડ્યા. આવી વ્યવસ્થા ભાગ્યે જ કોઈ કરી શકે. આવું તમે કોઈદિ જોયું નહિ હોય. મેં પોતે આવું નથી જોયું. અક્ષરધામ ખડું થઈ ગયું છે."

### સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી



પોતાનો રાજીપો વ્યક્ત કરતાં આશીર્વચનમાં જણાવ્યું કે આપણા સનાતન ધર્મની પરંપરા મુજબ બ્રહ્માંડોની ગતિવિધિ અખિલ બ્રહ્માંડોના અધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણને અધીન છે. આ વાતને ધ્યાને લઈ શુભ ઘડીએ મુહૂર્ત મુજબ પ્રારંભ કરેલા સદ્‌કાર્યો સફળ થાય છે અને ભગવાન રાજી થાય છે. આ મંદિરનું નિર્માણ અને મહોત્સવ તેનો જ પ્રતાપ છે. મહારાજની કૃપા, આચાર્યશ્રી

તથા સંતોના આશીર્વાદ અને હરિભક્તોની સેવાના પરિણામે આજે આ સમૈયો સફળ થયો છે. સૌ આવી જ સેવા કરજો, સત્સંગમાં રહેજો અને હંમેશા હરિને સાથે રાખજો તો સદા સુખિયા થાશો.



**સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી**

''આ ઉત્સવ-યજ્ઞમાં જે કોઈ બાઈ-ભાઈ પધાર્યા એમના ઘણા ધનભાગ્ય છે. આ દિવ્ય ઉત્સવમાં અહીં ન આવ્યા હોત તો મોટી ભૂલ કરી હોત. આવા ઉત્સવમાં ભક્તો પધાર્યા. લાભ લીધો. બધાના હૃદયમાં પુરુષોત્તમનારાયણ પ્રત્યક્ષ પધાર્યા. એટલે તો સૌ દોડી-દોડીને આવે છે. સૌનો પરસ્પર પ્રેમ જોઈ આનંદ થયો.''

**સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી**



હેતભરી વાણીમાં આશીર્વાદ આપતાં જણાવ્યું કે આ અદ્‌ભુત મહોત્સવ અને ભવ્ય મંદિરના દર્શન કરતાં જ સહેજે વાસુદેવ મહાત્મયની યાદ તાજી થાય છે. ભગવાનનાં ધામમાં મુક્તોના મહેલો છે, મુક્તો સપરિવાર પોતપોતાનાં વાહનોમાં દર્શન કરવા ધામમાં પધારતા. એવું જ અહીં છે. જે પ્રત્યક્ષપણે આજુબાજુ ભક્તોનાં નિવાસો છે. ક્યાંય દૂર જવાનું નથી. ભાઈઓ-બહેનો મંદિરે પધારી પોતપોતાનાં વિભાગમાં આવી દર્શન કરે, ક્યાંય ભીડ નહીં, બધી અનુકૂળતા. અહીંના હરિભક્તોએ અક્ષરધામ જેવા આ મંદિરનું નિર્માણ કર્યું છે, ખૂબ સેવા કરી છે. સેવા મુક્તિનું સાધન છે, સર્વે જીવાત્માનું કલ્યાણ થશે. અહીં બધી જગ્યાએ કથા સંભળાય, કથા શ્રવણથી તૃપ્તિ થાય અને સત્સંગ સિવાય શાંતિ નથી. આ ભૂમિ પર સત્સંગનું પોષણ થયું છે. સૌ સત્સંગમાં જીવન ગાળે અને સુખી થાય.

**સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી**



આશીર્વચન આપતા જણાવ્યું કે આ ઉત્સવ સમૈયામાં બહુ આનંદ થયો. આ આનંદ એટલે થયો કે સંતોનાં ભાવ ઊંચા હતા. આ મંદિરે શ્રી ઘનશ્યામ મહારાજ જાણે અક્ષરધામથી પધાર્યા, ખૂબ રાજી થયા, રાજીપો વ્યક્ત કર્યો, સંતો/હરિભક્તોને આશીર્વાદ આપ્યા. હરિભક્તોએ તન-મન-ધનથી સેવા કરી. સેવા કરી તેથી શ્રીઘનશ્યામ મહારાજ સિંહાસનમાં બિરાજમાન થયા.

**સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી**



''મંદિર જોઈને તમને આનંદ થયો હશે. મહંત સ્વામીની આજ્ઞાથી ભક્તોએ જે સેવા કરી છે તે અજોડ છે. માત્ર ધનથી નહિ, તન અને મનથી પણ કરી. પોતાનું કામ છોડીને જે આ સેવા કરી, તેમને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. મંદિર મારું, હું મંદિરનો એ શ્રધ્ધા અને સંગઠિતતા છે. તે મોટી સેવા છે.''



**સ.ગુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી**

''અહીં જંગલ હતું, તે મંગલ થઈ ગયું. હરિભક્તોએ દિલ મોટું રાખ્યું છે. માત્ર કચ્છમાંથી નહિ ભારતભરમાંથી ભક્તો આવ્યા છે. ઘણી જગ્યાએ રસોઈ બીજા બનાવે. અહીં જે બહેનો-ભાઈઓ રસોઈ કરે છે. તે શ્રી સ્વામિનારાયણ ભગવાનને રાજી કરવાના ભાવ સાથે બનાવે છે.''

**સ.ગુ. સ્વામી ધર્મચરણદાસજી**



''આવું અદ્‌ભુત મંદિર બન્યું છે. રચના અદ્‌ભુત છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની પ્રાપ્તિ દરેક માનવજીવનને જરૂરી છે. આ મંદિરની રચના વિચારીએ તો ઉત્તરમાં પ્રવેશતાં હોસ્પિટલ બનવાની છે. ધર્મ-માનવસેવા ધર્મના પાઠ શીખવા મળે છે. દક્ષિણ દિશામાં શાળા તૈયાર કરવામાં આવી છે. જ્યાં શિક્ષણ મેળવી અર્થોપાર્જન કરી શકાય. એજ રીતે શોપિંગ સેન્ટરમાં વ્યવસાય કરી શકાય. પૂર્વ દિશામાં સોસાયટી - નિવાસો છે. ત્યાં કામનાઓ હોય અને છેલ્લે મંદિરમાં પ્રવેશ સાથે શ્રીનરનારાયણદેવનાં દર્શન થાય એટલે મોક્ષ મળે. અદ્‌ભુત ! અદ્‌ભુત ! અદ્‌ભુત !''



**પ.ભ. નીતિનભાઈ માલડે**

(હિન્દુ કાઉન્સીલ ઓફ કેન્યાના ચેરમેન)

પ્રતિભાવ આપતાં જણાવેલ કે ૩ વર્ષ પહેલાં ખાતમુહૂર્તમાં આવેલો ત્યારબાદ ટૂંકામાં આવા અદ્‌ભુત ભવ્ય મંદિરનું નિર્માણ થયું તે માત્ર નૈરોબી જ નહીં સમગ્ર આફ્રિકા માટે ગૌરવ લેવા જેવી વાત છે. જે બહારથી આવે તેઓ અવશ્ય આ મંદિરની મુલાકાત લે એવું જોવા જેવું આ મંદિર છે. આવા નિર્માણ માટે સમિતિના સભ્યોને ખાસ અભિનંદન છે. આવાં નિર્માણ માત્ર પૈસા અને સહયોગથી નથી થતા, તેના માટે ભગવાનની કૃપા અને સંતોનાં આશીર્વાદ પણ જરૂરી છે. વિશેષ આનંદની વાત તો એ છે કે આ સંતો માત્ર ધર્મ પ્રચાર નથી કરતા પણ માનવસેવાનાં કાર્યોમાં પણ આગળ છે. ભુજ મંદિર અને સંતોનો ઉલ્લેખ કરતાં તેઓએ ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભુજની મુલાકાતને યાદ કરતાં જણાવ્યું કે ભુજ ભારતના ઈતિહાસમાં લખાઈ ગયું છે, શ્રી મોદી લાલન કોલેજથી લાલ કિલ્લા સુધી પહોંચી ગયા છે. અહીં ૮ દિવસ સંતોની દિવ્ય/ભવ્ય વાણીનો લાભ મળ્યો. નવી પેઢીને ટકોર કરતાં જણાવ્યું કે પૈસો વધ્યો છે પણ પ્રેમ ઘટ્યો છે ત્યારે મંદિરની સેવાનો લાભ લઈએ. અહીં વિશ્વ એક કુટુંબ જેવું લાગે છે. (વસુધૈવ કુટુમ્બકમ્) અહીં કૌટુંબિક વાતાવરણમાં દર્શન થાય છે.

## ફ્રૂટ જ્યુસ

ઢળતા બપોરે હરિભક્તોને તન-મનમાં સ્ફૂર્તિ અને ટાઢક મળી તે માટે ઉતારાથી મંદિરના રસ્તે ફ્રૂટ સ્લાડસ્ અને જ્યૂસની વ્યવસ્થા રાખવામાં આવેલ. (બાજુમાં નાનકડા બાળકો માટે બાળ નગરીમાં રમકડાઓ પણ સ્વયંસેવકો આપતા હતા.) શોભાયાત્રાના ૬ કિ.મી. દરમ્યાન સ્વયંસેવકો તરબૂચનું જ્યુસ આગ્રહ કરી કરીને હરિભક્તોને પાઈ ઉત્સાહમાં લાવતા નજરે પડતા હતા. પાણીની નાની બોટલોનું વિતરણ તો પૂરા મહોત્સવ દરમ્યાન ચાલુ જ હતું. સ્વયંસેવકોની સેવા અજોડ હતી.





## આકાશમાંથી હેલીકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ તેમજ બાળનગરી

નવનિર્મિત મંદિરના શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, દેવ પંચાયતન સહિત સૌ દેવોને આકાશમાંથી પુષ્પવૃષ્ટિથી વધાવવા હેલિકોપ્ટરની સેવા મળી હતી. અનેક હરિભક્તોએ પ્રતિષ્ઠા-દિને આ સેવાનો લાભ લીધો હતો. સંતોએ પણ હેલિકોપ્ટરમાં આરૂઢ થઈ પુષ્પવૃષ્ટિ કરી હતી તેમજ શોભાયાત્રામાં પણ પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી.













## આપણી સલામતીના રક્ષકોને પ્રણામ !..

બે સપ્તાહ જેટલા લાંબા સમય સુધી ઉજવાયેલ નૂતન મંદિરનો ઝાકઝમાળ પૂર્ણ મહોત્સવ નિર્વિઘ્નપણે પૂર્ણ થયો. એ આપણે બધાય જોયું. પરંતુ એ બહુ ઓછાએ જાણ્યુ હશે કે મહોત્સવના આ મંચ ઉપર ઉજવાઈ ગયેલ આ કાર્યક્રમના પડદા પાછળ સ્વયંસેવકોની એક સમર્પિત ફોજ હતી. જે રાત દિવસ જોયા વિના ગંભીરતાપૂર્વક પોતાની ફરજ ખડેપગે બજાવી રહી હતી.

૨૧૬ જેટલા પુરુષો અને ૫૩ જેટલા મહિલા શક્તિ ધરાવતી આ ટીમ સ્વાસ્થ્ય, સલામતી અને સમયની સાચવણીમાં સક્રિય રહી હતી. પોલિસ-કોઓર્ડિનેશન, હેલ્થ એન્ડ સેફ્ટી, મેડિકલ, ટ્રાન્સપોર્ટ, એરપોર્ટ આસિસ્ટન્ટ, મહંત સ્વામી, મહારાજશ્રી તથા ગાદીવાળાના અસ્કોર્ટ જેવી મહત્ત્વપૂર્ણ બાબતો સંભાળવામાં જરૂર પડી ત્યા સ્થાનિક વહીવટી તંત્રના સંપર્કમાં રહી ઉત્સવના સમગ્ર આયોજનને સફળતાપૂર્વક પાર પાડવામાં ઉપયોગી સાબિત થઈ હતી.





## આભારદર્શન



પૂર્વ આફ્રિકામાં ધાર્મિક ઉત્સવોમાં સીમાચિન્હ રૂપ શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર, લંગાટા-નૈરોબીના સમાપન સાથે શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, લંગાટા-નૈરોબીના પ્રમુખ માનનીય પ.ભ. શ્રી પરબતભાઈ પ્રેમજી વેકરીયાએ ભાવવિભોર થઈને જણાવ્યું કે આવા મહોત્સવ માત્ર આયોજનો, પૈસા, પરિશ્રમ, સહકાર અને સેવાથી જ પૂર્ણ નથી થતાં. આ બધી બાબતો ઉપરાંત ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપા, આચાર્ય મહારાજશ્રી તેમજ મહંત સ્વામી તથા વડીલ સંતોના અંતરના આશીર્વાદ અને ભક્તોની  નિઃસ્વાર્થ ભક્તિના પરિણામે જ સંપન્ન થાય છે. આભારની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું કે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથાધર્મકુળ પરિવારની અમારા પ્રતિ વિશેષ લાગણી છે અને તેઓએ પૂરતો સમય આપી આ સમૈયાને શોભાવ્યો છે અને દર્શન આપી સૌને કૃતાર્થ કર્યા છે તે બદલ આભારની લગાણી વ્યક્ત કરું છું. આજે નૈરોબીમાં જે કંઈ છે તે સઘડું ભુજ મંદિરના પરહિતકારી બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રેરણા અને આશીર્વાદથી જ છે. પ્રાતઃસ્મરણીય મહંત સ્વામી  સહિત ભુજ થી ૧૬૦ થી પણ વધુ સંખ્યામાં સંતો પધાર્યા અને ઉત્સવને ખરા અર્થમાં પવિત્ર અને પાવનકારી બનાવ્યો. સૌ સંતગણનો પણ આભાર માનું છું. આફ્રિકામાં આપણા મંદિરો તેમજ તેમના હરિભક્તો-ટ્રસ્ટીઓ તરફથી જે સહકાર અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે તે બદલ તે સૌનો ઉપરાંત  નૈરોબી લેવા પટેલ સમાજના તમામ ભક્તોએ જે નૈતિક બળ પૂરું પાડી સહકાર આપ્યો છે તે બદલ તેમનો, શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર તેમજ યુવક મંડળો અને યુવતી મંડળોના સભ્યો, મીડીઆની લાજવાબ વ્યવસ્થાથી વિશ્વને આ ઉત્સવ સાથે જોડનાર મીડીઆના પ્રતિનિધિઓનો સાથોસાથ તન-મન-ધનથી સેવા કરનાર હરિભક્તો, સ્વયંસેવકો સાથોસાથ આ ઉત્સવને સફળ બનાવવા પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે નામી-અનામી જે કોઈએ પણ કોઈ પણ રીતે સાથ સહકાર આપ્યો છે તે સૌ પ્રત્યે અંતઃકરણપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરું છું, ખૂભ ખૂબ આભાર.

## દેશમાંથી આશીર્વાદની અમીવર્ષા

શ્રીનરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ, લંગાટા-નૈરોબીની શોભામાં અભિવૃધ્ધિ કરવા અને અંતરના આશીર્વાદ પાઠવી હરિભક્તોને ભક્તિમાં દઢતા માટે પ્રોત્સાહિત કરવા પ્રસન્ન ચિત્તે ભુજ મંદિરેથી ૧૬૦ થી વધુ સંતો મહોત્સવમાં પધાર્યા હતા. પરંતુ કચ્છમાં રહીને મંદિરોની સેવા અને વ્યવસ્થા સંભાળનારા સંતો ઉપરાંત નાદુરસ્ત તબિયત અને સ્વાસ્થ્યના કારણે મહોત્સવમાં પહોંચી નહોતા શક્યા તેવા વડીલ સંતો સહિત કચ્છ પ્રાંતમાં રહેલા સંતોએ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

ભુજ મંદિરેથી વડીલ સંતો સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી તેમજ સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી તેમજ કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજીએ શુભેચ્છા સંદેશ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.  તો પ્રસાદી મંદિરેથી સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજીએ, માંડવી મંદિરેથી સ.ગુ. સ્વામી ધર્મપ્રસાદદાસજી, અંજાર મંદિરેથી સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજીએ આદિ દેશમાં રહેલા સંતોએ મહોત્સવ સંદર્ભે પ્રસન્નતા વ્યક્ત કરતાં સંદેશાઓ દ્વારા રૂડા આશીર્વાદની વર્ષા કરી સ્થૂળ સ્વરૂપે નહીં પણ સૂક્ષ્મસ્વરૂપે મહોત્સવમાં પોતાની હાજરી નોંધાવી હતી.

# સત્સંગ સમાચાર - દેશ




## હાર્દિક નિમંત્રણ




ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેની ભક્તિમાં વૃધ્ધિ થાય અને શ્રીનરનારાયણદેવ પ્રત્યેનો આશરો દૃઢ થાય તે હેતુથી આપણા મંદિરોમાં વિવિધ ઉત્સવોનાં આયોજનો થતાં રહે છે. નીચે દર્શાવેલા ઉત્સવો-સામૈયાઓ ભવ્ય રીતે ધામધૂમથી ઉજવવામાં આવશે તેમાં સપરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ આપવામાં આવે છે.

### શ્રીહરિકૃષ્ણ મહારાજનો ૧૫૦ વાર્ષિક પાટોત્સવ

ભુજ મંદિરમાં શ્રીનરનારાયણદેવ જોડે બિરાજતા શ્રી હરિકૃષ્ણ મહારાજનો સાર્ધ શતાબ્દી (૧૫૦મો વાર્ષિક પાટોત્સવ) મહોત્સવ મહાવદ ૧૧ તા. ૨૨-૦૨-૨૦૧૭ થી ફાગણ સુદ ૨ તા. ૨૮-૦૨-૨૦૧૭ સુધી ભવ્યાતિભવ્ય રીતે ૭ દિવસ ઉજવવાનું દિવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેનું યજમાનપદ શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, લંગાટા-નૈરોબીના સમસ્ત હરિભક્તોએ સ્વીકાર્યું છે. આ અનેરા અવસરે યજમાનો તરફથી શ્રી હરિકૃષ્ણ મહારાજ માટે મણિમુકુટ અર્પણ કરવામાં આવશે. જ્યારે શતાબ્દી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો ત્યારે પણ આ મંદિરે જ યજમાન પદ શોભાવ્યું હતું. આનંદમાં અભિવૃધ્ધિ કરતી વાત તો એ છે કે આ પ્રસંગે નૈરોબી-લંગાટા મંદિરની કીર્તન મંડળી અને બેન્ડપાર્ટી ખાસ આ ઉત્સવ નિમિત્તે ભુજ આવશે અને કીર્તનોની રમઝટ તેમજ સુમધુર સંગીતની સૂરાવલિઓ રેલાવતાં આ ઉત્સવને ભવ્ય બનાવશે. સૌ હરિભક્તોને પધારવા આમંત્રણ પાઠવવામાં આવે છે.

### શ્રી ઘનશ્યામ મહારાજનો અમૃત મહોત્સવ
### શ્રીનરનારાયણદેવનો ૧૯૪મો વાર્ષિક પાટોત્સવ

ભુજ મંદિરમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજને વૈશાખ સુદ-૫ના ૭૫ વર્ષ પૂર્ણ થતા હોઈ, શ્રી ઘનશ્યામ મહારાજનો અમૃત મહોત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ અવસરે શ્રીઘનશ્યામ મહારાજને મણિમુકુટ અર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે શ્રીનરનારાયણદેવનો ૧૯૪મો વાર્ષિક પાટોત્સવ પણ સાથે છે. આ પ્રસંગ નિમિત્તે તા. ૨૪-૦૪-૨૦૧૭ થી તા. ૩૦-૦૪-૨૦૧૭ સપ્તાહ પારાયણનું પણ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. તો આ ભવ્યાતિભવ્ય ઉત્સવમાં પધારવા સૌ હરિભક્તોને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

### શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યાલય - દશાબ્દી મહોત્સવ

કન્યા કેળવણી અને સંસ્કાર સિંચનના ધ્યેય સાથે આપણા ભુજ મંદિર દ્વારા શરૂ કરવામાં આવેલ શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યાલય, ભુજને દસ વર્ષ પૂર્ણ થતા હોઈ તા. ૧૯-૧૨-૨૦૧૬ થી તા. ૨૧-૧૨-૨૦૧૬ સુધી સંસ્થાનો દશાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે. આ અવસરે સપરિવાર પધારવા સૌ હરિભક્તોને ભાવપૂર્વક આમંત્રણ પાઠવવામાં આવે છે.

- મહંત સ્વામી



આફ્રિકામાં હિન્દુઓએ લખ્યો
કેન્યા રાષ્ટ્રના પાટનગર નાઈરોબી ખાતે આફ્રિકાના સૌથી મોટા મંદિરનું નિર્માણ
શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી (કેન્યા)
મહોત્સવની સોનેરી ઝલક
પ્રેરણા : પ.પૂ. મહંત સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી (મહંતશ્રી, ભુજ મંદિર)
નાઈરોબીમાં ભુજ મંદિરના
લેઝીમ સાથે નૃત્યભક્તિ
કચ્છમિત્ર
મહોત્સવના સમાપને નગરયાત્રા
૬૦ સત્સંગીઓવાળા કેરુગોયામાં મંદિર માટે ૮ કરોડ
લંગાટા મહોત્સવ સમાપન ભણી
આજે લંગાટા મહોત્સવના સમાપને નગરયાત્રા
સત્સંગ શ્રદ્ધાળુને અંતરની શાંતિ આપે છે
મહિલાઓનો કર્મયોગ
ઓચિંતું જ મિનીભારત સર્જાયું
આફ્રિકામાં પ્રાણપ્રતિષ્ઠા અનુષ્ઠાન સાથે નૂતન ઇતિહાસ
મેઘ લાડુ આફ્રિકામાં

# શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ- ભુજથી થતા પ્રકાશન



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર



પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ નૂતન વર્ષના પ્રારંભે ત્રયોદસ શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિરનું આયોજન કરેલ છે. કચ્છ-ગુજરાત ઉપરાંત ભારતદેશના અન્ય રાજ્યોમાંથી તેમજ વિદેશમાંથી પણ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સંનિષ્ઠ કાર્યકરો ભાઈ-બહેનો આ શિબિરમાં ભાગ લેશે.

ભુજ મંદિરના પૂ.મહંત સ્વામીશ્રી આદી વડીલ સંતો તથા સાંખ્યયોગી બહેનોની નિશ્રામાં યોજાનાર આ શિબિરમાં સત્સંગનું અને જીવનલક્ષી ઉત્તમ ભાથુ પ્રાપ્ત થશે.

તા. ૫-૧૧-૨૦૧૬
શનિવાર
કારતક સુદ-૫
(લાભ પાંચમ)

તા. ૯-૧૧-૨૦૧૬
બુધવાર
કારતક સુદ-૯

**સ્થળ : શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યાલય મીરઝાપર રોડ, ભુજ**


## આપણા ઘરમાં વસાવવા જેવો અંક એટલે....

## શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ



Shree Swaminarayan Dharmasandesh

RNI NO. GUJGUJ/2001/5643
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE

Regd. No. GKCH-158/2015-2017
WPP Lic No. G-PMG-RJT/011/2016/UPTO 31-12-2016



લંગાટા મંદિર પધારિયાં મહંત સ્વામી સહ સંત, હરિભક્તોના હૈયાં હરખ્યાં, છાયો સઘડે આનંદ.









HARIKRUSHNA Graphics & Print Pvt. Ltd 982-5850-559 987-9961-789